બા, જો તો, તારાઓ આંખો પટપટાવે છે. મારે આજે નવ વાગે ફરવા જવાનું છે એની મને તેઓ યાદ આપે છે ! તુંય આવીશ ને ?

**મેના** : હા, બેટા

(ફરી થોડી વાર દીપક આકાશની આંખોમાં આખો પરોવે છે.)

**દીપક** : બા, આકાશમાં તારા ઊગે અને ઓરડામાં કેમ નહિ ઊગતા હોય ? બા, બંગલા ઉપર વાવટો ચડાવીએ તો ઓરડામાંય તારા ઊગે, હો !

(મેનાની આંખોમાંથી બે આંસુ સરી દીપકના જુલફાંમાં અટવાઈ જાય છે.)

બા, મને ઊંઘ આવે છે. હું સૂઈ જાઉં, પણ તું ઊંઘ આવે તોયે ઊઠતી નહિ. બરાબર નવને ટકોરે મને ઉઠાડજે, હો ! અને તમે-તું, ઊર્મિ અને સુંદર તૈયાર રહેજો.

(મેના દીપકને સુવાડી દે છે. સર અમલ પાસે આવી એનું માથું પંપાળવા લાગે છે. એમની આંખમાં આંસુ સમાતાં નથી. દીપક ફરી જાગે છે.)

બા, બપોરે ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારું મોઢું સરસ લાગે છે. અરીસો લાવ ને, જોઉં તો ખરો !

(સર અમલ અરીસો લાવી દીપકના મોઢા સામે ધરે છે. દીપક અરીસામાં જોઈ રહે છે. એની આંખો ચમકવા લાગે છે.)

બા, પાટોય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે ! મારા લોહીનો લાલ રંગ, કાપડનો સફેદ રંગ અને લીલા રંગને બદલે મારા વાળ ! અને રેંટિયો તો કેટલીય વાર કહ્યું તોયે બાપુ ક્યાં લાવી દે છે ! (રોષ કરતો) જાઓ, લઈ જાઓ તમારો અરીસો ! અમારે તમારા અરીસામાં નથી જોવું !

(સર અમલ અરીસો લઈ જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. દીપક ફરી આંખો ઉઘાડે છે.)

બા, હું ફરવા જાઉં પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશ ને કે દીપક ફરવા ગયો છે ? પણ એવું લખજે કે દીપક જ્યાં હશે ત્યાં વાવટો ફરકતો રાખશે !

**મેના** : (એક બચી ભરી) હા, બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

**દીપક** : હા, હવે સૂઈ જાઉં. બરાબર નવને ટકોરે હો !

(દીપક આંખો મીંચી જાય છે. સૂનકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઊપડતી જાય છે.)

**સર અમલ** : (પાસે જઈ) ઊંઘી ગયો લાગે છે !

**મેના** : હા..... પણ.....

(આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે.)

**ડૉક્ટર** : મેનાબહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. જેણે એને સરજાવ્યો છે એ જ એનું સંરક્ષણ કરશે.

**મેના** : ડૉક્ટર, તમારે દીકરો છે ?

**ડૉક્ટર** : ના, મેનાબહેન

**મેના** : તો બસ કરો.

(ડૉક્ટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.)

આ બધા તમારા પ્રતાપ !

**સર અમલ** : મેના, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત...

**મેના** : (આંસુ લૂછતી) મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

**સર અમલ :** સંભવ છે. મેના.

**મેના :** (રડી પડતી) વાહ રે પિતા ! શી તટસ્થતા !

**સર અમલ :** (મનની લાગણીઓ દબાવી) હું પુરુષ છું, મેના.

**મેના :** અને હું માતા છું, અમલ ! દીપક વિના મને...

(ઘડીયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.)

**દીપક :** બા, નવના ટકોરા થયા નહિ ? ચાલો, ચાલો, ત્યારે હું ફરવા ઊપડું. પછી બા, મેં વિચાર ફેરવી નાખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું ! એ રસ્તે એકલા જ સારું ! બાપુ, ઊર્મિ, જાઉં છું, હો ! અને બા, મોડી રાત સુધી પાછો ન ફરું તોયે મારી રાહ નહિ જેતી, હો !

(થોડી વારે) અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

(દીપક આંખો મીંચી દે છે.)

**મેના :** (બેબાકળી) બેટા, બેટા !...

(એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર ઉપર એ ઢગલો થઈ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.)

**ડૉક્ટર :** (પાસે જઈ નાડી તપાસી) દીપક હોલવાઈ ગયો !

**સર અમલ :** અને આખું જગ અંધારું ! અંધારું ! ઓહ ! ઓહ  નથી ખમાતું !

(બે હાથમાં જોરથી માથું દાબી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાનું કલ્પાંત આખા ઓરડાને ધ્રુજાવી મૂકે છે. પવનની લહેરથી દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.)

**સર અમલ :** (ટેલિફોન પાસે જાઈ) યસ, વન, ફોર, નોટ, સેવન.

(થોડી પળે)

હાં ! કૉંગ્રેસ હાઉસ ? હાં ! કોણ છો તમે ?

(સાંભળે છે, પછી) સ્વયંસેવક ?

હા, જરી શિશિરકુમારને બોલાવો તો ?

(સાંભળીને)

સંગ્રામ સમિતિની મિટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ ? અરે, ન કેમ આવે ? કહો કે સર અમલ દેરાસરી અગત્યના કામસર બે મિનિટ બોલાવે છે. વારુ.

(ટેલિફોન નીચે મૂકી ટહેલવા લાગે છે. ખિતાબખત પાસે જઈ એક મુક્કાથી એના ચૂરા કરી નાખે છે. હાથમાંથી લોહી વહેવા લાગે છે. ભૂત ભરાયું હોય તેમ દીપકના પલંગ પાસે જઈ એ લોહિયાળ હાથે દીપકના પગને અડકે છે. પછી બે પગ ઉપર માથું મૂકી ડૂસકાં ભરવા લાગે છે.)

બેટા, તેં તારા બાપુને આજે નવો જન્મ આપ્યો !

(ફરી ટેલિફોન પાસે જઈ, એક હાથ રૂમાલથી આંસુ લૂછતાં બીજે હાથે ટેલિફોન ઉઠાવે છે.)

હાં ! આપ કોણ ?

(સાંભળીને)

શિશિરકુમાર ?

વારુ, શહેરમાં જાહેર કરો કે આવતી કાલથી વડાલા રેઈડ સર અમલ દેરાસરી લીડ કરશે, સમજ્યા ?...

ઉપકાર !

(ટેલિફોન જોરથી પછાડી દોડતા બીજા રૂમમાં ચાલ્યા જાય છે.)

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**મ્લાન** ફીકું પડી ગયેલ, ઉદાસ; **હસ્તઘડી** કાંડા ઘડિયાળ; **રુધિર** રક્ત, લોહી; **વદન** ચહેરો, મોઢું; **ગહન** ઊંડું, ગાઢ; **વ્યોમ** આકાશ, આભ; **બીડેલા** બંધ; **કષ્ટ** દુઃખ, પીડા; **પડછંદ** પ્રચંડ શરીરનું, મહાકાય; **ધવલ** ધોળા રંગનું, સ્વચ્છ, શ્વેત; **કલ્પાંત** અતિશય રડવું, રુદન; **ખિતાબખત** માનદ્‌પદવી; **તટસ્થતા** નિષ્પક્ષતા, તટસ્થપણું; **ભગતસિંહ, જતીન** શહીદ ભગતસિંહ અને જતીનદાસ બે ક્રાંતિકારીઓ; **ઈન્કલાબ** આઝાદી, સ્વતંત્રતા; **નેજા** વાવટો (અહીં) આગેવાની; **સાયંફેરી** સાંજનું સરઘસ; **કોટિ** કરોડ

### તળપદા શબ્દો

**અઢેલી** અડીને, લગોલગ; **લપાવું** છુપાવું; **વિસરવું** ભૂલવું; **ચડસ** ઈર્ષ્યા; **વાચાળ** બટકબોલું, વાતોડું; **ભાળવું** જોવું, અવલોકવું; **પતાકા** નાની ધજા; **વધેરવું** માથું ફોડવું, બલિદાન આપવું; **ઝૂલ્ફાં** વાળની લટ; **વાવટો** ઝંડો, નેજો; **વાંક** ગુનો; **ઉચાટ** ચિંતા

### વિરુદ્ધાર્થી શબ્દો

**પાપ** × પુણ્ય; **બીડેલું** × ખુલ્લું; **અસહ્ય** × સહ્ય; **સંભવ** × અસંભવ; **આભ** × ધરતી; **આકાશ** × પાતાળ; **સ્વસ્થ** × અસ્વસ્થ; **ફિકર** × બેફિકર

### રૂઢિપ્રયોગ

**આંખો મીંચી જવી** - મૃત્યુ થવું; **છાતીમાં મોં ઘાલવું** - છુપાઈ જવું; **ગળગળું થઈ જવું** રડું રડું થઈ જવું, ગદ્‌ ગદ્‌ થઈ જવું; **શ્રાવણ ભાદરવો વહેવો** ચોધાર આંસુએ રડવું; **આંખ ઊઘડવી** જાગવું, સાવધાન કે સતેજ થઈ જવું; **ધમણ ઉપડવી** જોરભેર શ્વાસ ચાલવો, હાંફ ચડવી; **ઢગલો થઈ જવું** થાકીને લોથપોથ થઈ જવું; **દીપક હોલવાઈ જવો** મરણ પામવું; **માથું વધેરવું (ફોડવું)** - બલિદાન આપવું

### શબ્દસમૂહો માટે એક શબ્દ

**જે ડગે નહિ તેવું** - અડગ; **સહન ન થઈ શકે તેવું** - અસહ્ય; **પૂર્વગ્રહરહિત છે તે** - તટસ્થ; **ઉષ્ણતામાન માપવાનું સાધન** - થર્મોમિટર; **સામાના કલ્યાણની ભાવના** - આશિષ; **એકી નજરે જોયા કરવું** - તાકવું; **ચોવીસ મિનિટનો સમય** - ઘડી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'ઝબક જ્યોત' – એકાંકીના કેન્દ્રમાં કઈ ઘટના છે ?

(a) પિતાની બીક (b) પિતાની જોહુકમી (c) સ્વાતંત્ર્ય સંગ્રામ (d) આંદોલન

(2) ઘવાયેલો દીપક કોનું સ્મરણ કરે છે ?

(a) ઈશ્વરનું (b) રાષ્ટ્રધ્વજનું (c) અંગ્રેજોનું (d) ડૉક્ટરોનું

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઘવાયેલા દીપકની પાસે કોણ કોણ વ્યાકુળ ચિત્તે બેઠાં છે ?

(2) દીપક બાને કોને કાગળ લખવા કહે છે ? અને કાગળમાં શું લખવા કહે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) અરીસામાં પોતાનું મોં જોયા પછી દિપક કઈ કલ્પના કરે છે ?

(2) દીપક કેવી રીતે ઘવાયો ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો :**

(1) એકાંકીને આધારે માતૃહૃદયની વ્યથા આલેખો.

(2) 'દીપકના પિતા'નું હૃદય પરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- શાળાના વાર્ષિકોત્સવમાં આ નાટક ભજવો.
- શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુભાષચન્દ્ર બોઝ અને ગાંધીજી જેવા રાષ્ટ્રભક્તોની વેશભૂષા કરો.
- કોણ સાચું ? સર અમલ દેરાસરી કે દીપક ? વિષય પર જૂથમાં ચર્ચા કરો.
- દેશભક્તિના ગીતો મેળવી સંગ્રહ કરો.
- શહીદોના નામની યાદી તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

''વાહ રે પિતા ! શી તટસ્થતા !''

વાહ શબ્દ સામાન્ય રીતે પ્રશંસા માટે વપરાય છે. અહીં એવો ભાવ નથી. અહીં વ્યંગ છે. એમાં પિતા સરઅમલની પુત્ર માટેની લાગણીશૂન્યતાનો નિર્દેશ છે. શબ્દો સંદર્ભ અનુસાર વિવિધ અર્થો દર્શાવે છે તે ધ્યાનમાં લો.

સરઅમલ (કડકાઈથી) દીપક.....

કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર.....

આ વાક્યો જુઓ. લેખકે જે કહેવું છે તે વર્ણવ્યું નથી; પરંતુ વાક્યને અંતે વિલોપ ચિહ્ન (...) મૂકી વાક્ય અપૂર્ણ છોડી દેવાયું છે. આ અપૂર્ણ વાક્ય વાચકે પોતાની સમજ પ્રમાણે પૂર્ણ કરી લેવાનું છે. લેખનની આ રીત અને વિલોપ ચિહ્નનો ઉપયોગ ધ્યાનમાં લો.

આ કૃતિમાં તત્કાલીન (આઝાદી પહેલાંની) ભાષાનો પરિચય કેટલાક શબ્દોથી મળે છે જેવાં કે... વીજળીના દીવાઓ, હસ્તઘડી, બાપુ

આ શબ્દો તત્કાલીન વાતાવરણનો પણ, માહોલનો પણ પરિચય કરાવે છે.

## શિક્ષકની ભૂમિકા

- આપણા દેશને આઝાદી નહોતી મળી તે પહેલાંની આ ઘટના દર્શાવાઈ છે. દેશદાઝ જેની રગેરગમાં વ્યાપી ગઈ છે તેવો દીપક દેશની આઝાદીની ચળવળમાં જોડાઈ શહીદી વહોરે છે. દીપકની ઝબક ઝબક થતી આયુજ્યોત બુઝાઈ જાય છે પણ અંગ્રેજ અફસર તરીકે કાર્ય કરતા તેના પિતામાં એ જ્યોતનો ઝબકારો જાગી ઊઠે છે. એકાંકીના આ ભાવને પ્રગટ કરવો.
- 'દીવાથી દીવો પેટે' તેમ આવા અનેક શહીદોએ આઝાદીની લડતને ઉપાડી લીધી અને કંઈ કેટલાય નામી-અનામી દેશભક્તોની શહીદીથી આ દેશ આઝાદ થયો છે. તેથી તેનું મૂલ્ય સમજવું, જાળવવું તે દરેક નાગરિકની ફરજ છે.

આ એકાંકીમાં રજૂ થયેલા દેશપ્રેમમાંથી પ્રેરણા મેળવી વિદ્યાર્થીઓમાં દેશ પ્રત્યેની વફાદારી, ફરજની ભાવના, દેશપ્રેમ અને સારા નાગરિક બનવાના ગુણો વિકસે તેવી ચર્ચા કરવી.

- ચુનીલાલ મડિયાની 'દીપનિર્વાણ' અને મનુભાઈ પંચોળીની 'બંધન અને મુક્તિ' કૃતિઓનું વિદ્યાર્થીઓ સમક્ષ વાચન કરવું.
- આ એકાંકીની ભજવણી વર્ગખંડમાં કરવી.

•

# વ્યાકરણ / એકમ 4 વાક્યના પ્રકાર, વિશેષણ

**વાક્યપ્રકાર : કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક**

(અ) કાન્તિ રમા સામે કાંઈ ન બોલ્યો.

(બ) કાન્તિથી રમા સામે કાંઈ ન બોલાયું.

મિત્રો, આ બે વાક્યોમાં શો તફાવત છે ? આપણે પરિસ્થિતિ વિચારી જોઈએ.

સહેજ ધ્યાનથી, ફરીથી વાંચો. વાક્ય (અ)માં કાન્તિ કોઈક કારણસર રમા સામે બોલતો નથી, બોલવા પર તેનું નિયંત્રણ છે, બોલવું કે ન બોલવું તે કાન્તિ નક્કી કરે છે. પણ વાક્ય (બ)માં તેની અવશતા દર્શાવાઈ છે, તેને કાંઈ કહેવું કે નહિ – તે વાત જ નથી. તેથી એમ કહી શકાય કે વાક્ય (અ)માં કાન્તિનું કર્તૃત્વ છે વાક્ય (બ)માં કાન્તિનું કર્તૃત્વ નથી. એટલે કે દેખીતી રીતે ક્રિયા – ઘટના સરખી જ લાગતી હોય, પણ એ ક્રિયા કરવાનું પ્રયોજન ન હોય, એ ક્રિયા કરવાનો ઈરાદો ન હોય તો કર્તૃત્વ સ્વીકારાતું નથી. આ બધી બાબતોને આધારે કર્તા ઓળખી શકાય. ચાલો, નીચેનાં વાક્ય વાંચો. તમારી ભાષક તરીકેની સૂઝ તમને કહેશે કે આ વાક્યમાં કોઈ કર્તા છે કે નહિ :

1. કાલે રજા છે.
2. ભેંસને બે શિંગડાં હોય છે.
3. સુનીલ નિબંધ લખે છે.
4. સૂરજ ઊગે છે.

તમારી ભાષા તરીકેની સૂઝ શું કહે છે ? શું ઉપરનાં વાક્યોમાં રજા, શિંગડાં, સુનીલ કે સૂરજ – કર્તા છે ? એક સામાન્ય માન્યતા છે કે ક્રિયા કરે તે કર્તા. વાક્ય 1 અને 2માં માત્ર કોઈ સ્થિતિનું નિરૂપણ છે. તેમાં કોઈ ક્રિયાનો નિર્દેશ નથી. તેથી તેમાં કોઈ 'કરનાર'નો પણ નિર્દેશ નથી. એટલે કે તેમાં કોઈ કર્તા નથી. વાક્ય 3માં 'લખવા'ની વાત છે. તેમાં 'સુનીલ'નો ઉલ્લેખ છે. વાક્ય 4માં 'ઊગવા'ની વાત છે. તેમાં 'સૂરજ'નો ઉલ્લેખ છે. અહીં કેવી રીતે નક્કી કરવું કે 'સુનીલ' તથા 'સૂરજ' – એ કર્તા છે કે નહિ ? આ માટે કર્તાનાં લક્ષણો જોઈએ.

**કર્તા**

- એ ચેતન પદાર્થ હોય.
- ક્રિયા પર જેનું નિયંત્રણ હોય.
- જેની ઇચ્છા કે હેતુથી ક્રિયા અસ્તિત્વમાં આવે.
- ક્રિયા માટે જેની જવાબદારી હોય.

જ્યારે 'સુનીલ નિબંધ લખે છે' કહેવાયું ત્યારે 'સુનીલ' ચેતનત્વ ધરાવે છે, 'લખવાની' ક્રિયા પર તેનું નિયંત્રણ છે. તે કોઈ કારણસર નિબંધ લખી રહ્યો છે અને તેણે કયો અને કેવો નિબંધ લખ્યો છે – સંદર્ભે તેની જવાબદારી છે. તેથી 'લખવાની' ક્રિયા સંદર્ભે 'સુનીલ' કર્તા છે.

હવે, ચોથું વાક્ય જોઈએ. 'સૂરજ ઊગે છે.' – શું 'સૂરજ' ચેતનત્વ ધરાવે છે ? વહેલા ઊગવું કે મોડા ઊગવા પર સૂરજનું નિયંત્રણ છે ? ઊગવા માટે સૂરજ પાસે કોઈ હેતુ છે ? તમે કહેશો કે એવું તો કઈ રીતે બને ? સૂરજ તો ઊગે છે, એ તો કુદરતી બાબત છે. તમે વહેલા કે મોડા ઊઠવાનું નક્કી કરી શકો. પણ સૂરજ કાંઈ વહેલો કે મોડો ઊગવાનું નક્કી કરી શકે ? એમાં સૂરજનાં કોઈ ઇચ્છા, હેતુ હોતાં નથી કે નથી હોતું સૂરજનું કોઈ નિયંત્રણ. તેથી સૂરજ એ કર્તા નથી. એટલે કે 'સૂરજ ઊગવો' એ કુદરતી પ્રક્રિયા છે અને પ્રક્રિયામાં કોઈ કર્તા હોતો નથી.

પ્રક્રિયાનાં અન્ય વાક્ય જોશો એટલે ખ્યાલ આવશે કે આમાં કોઈનું નિયંત્રણ હોતું નથી કે નથી કોઈની જવાબદારી હોતી.

1. વાવાઝોડાને કારણે ચાર ઝાડ મૂળમાંથી ઊખડી પડ્યાં

2. પવનથી ડાળીઓ હલે છે.

3. કાલે અહીં ખૂબ મોગરા ખીલશે.

તમે જોઈ શકો છો કે 'ઊખડી પડવા' પર 'ઝાડ'નું, 'હલવા' પર 'ડાળી'નું કે 'ખીલવા' પર 'મોગરા'નું કોઈ નિયંત્રણ નથી કે નથી એમ કરવા માટે 'ઝાડ, ડાળીઓ, મોગરા'નું કોઈ પ્રયોજન. અર્થાત્ 'ઊખડી પડવું, હલવું, ખીલવું' – એ પ્રક્રિયાઓ છે અને 'ઝાડ, ડાળીઓ, મોગરા' તેનાં કર્મ છે, ઉદ્દેશ છે, પણ કર્તા નથી.

આવવું, જવું, લખવું, વાંચવું, ખાવું, પીવું વગેરે પર કોઈનું નિયંત્રણ હોય છે, કોઈની જવાબદારી હોય છે તેથી આ ક્રિયાઓ છે. જેમકે, તમને પેટમાં દુઃખે તો મમ્મી તરત પૂછે બહાર કાંઈ ખાધું હતું ? શું ખાધું, ક્યાં ખાધું, કેટલું ખાધું – આ બધાનાં તમારે જવાબ આપવા પડે. જેનું નિયંત્રણ હોય, જેની જવાબદારી હોય તે કર્તા કહેવાય અને જેમાં કર્તા હોય તે કર્તરિ વાક્ય કહેવાય.

તમે સ્થિતિ, પ્રક્રિયા અને ક્રિયા બરાબર સમજ્યા ? જો એ સ્પષ્ટ હશે તો આગળની વાત સમજાશે. ચાલો, એક કામ કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા દર્શાવતાં વાક્યો છૂટાં પાડો.

1. નદીમાં પૂર આવ્યું.

2. માળામાં કાગડીનાં બચ્ચાં છે.

3. છોકરો પાણીમાં કૂદ્યો.

જે માત્ર કોઈ પરિસ્થિતિ દર્શાવે છે તે 'સ્થિતિ'; જેમાં નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવનારું કોઈ નથી. સહજ રીતે થાય છે તે 'પ્રક્રિયા' અને જેમાં કોઈ ચેતનતત્ત્વ નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવે છે તે 'ક્રિયા'. સમજાય છે ? વાક્યો છૂટાં પાડ્યાં ? ચાલો, નીચે આ વાક્યો છૂટાં પાડ્યાં છે. તેની સાથે તમારા જવાબ મેળવો.

| **સ્થિતિ** | **પ્રક્રિયા** | **ક્રિયા** |
|---|---|---|
| માળામાં કાગડીનાં બચ્ચાં છે. | નદીમાં પૂર આવ્યું | છોકરો પાણીમાં કૂદ્યો |

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે 'કશુંક હોવું કે ન હોવું' – તે સ્થિતિનો નિર્દેશ કરે છે. 'પૂર આવવા' પર કોઈનું નિયંત્રણ નથી. તે કુદરતી પ્રક્રિયા છે 'પાણીમાં કૂદવા' સંદર્ભે છોકરાનું નિયંત્રણ છે. તે તરવા માટે અથવા અન્ય કોઈ કારણસર પાણીમાં કૂદ્યો છે.

મિત્રો, તમને સ્થિતિ, પ્રક્રિયા અને ક્રિયા વચ્ચેના ભેદની સમજણ હોવી જરૂરી છે. કારણ કે જે વાક્ય ક્રિયા હોય તેમાં જ કર્તા હોય. કર્તા હોય તે જ વાક્ય કર્તરિ હોઈ શકે અને કર્તરિ હોય તે જ વાક્ય કર્મણિ, ભાવે કે પ્રેરકમાં રૂપાંતર પામી શકે. સ્થિતિ કે પ્રક્રિયા દર્શાવતાં વાક્યો કર્મણિ કે ભાવોમાં રૂપાંતર ન પામી શકે એટલે કે' માળામાં કાગડીનાં બચ્ચાંથી હોવાય છે.' જેવું વાક્ય સંભવી શકે નહિ. તમને યાદ આવે છે કે તમે ક્યારેય 'કાલે રજાથી હોવાશે' કે 'ઝાડથી પડાયું', 'ફૂલથી ખીલાશે' – જેવાં વાક્યો બોલો છો ? – આ વાક્યો તમને અગુજરાતી લાગશે. માત્ર કર્તરિ-ક્રિયા ધરાવતા વાક્યમાં જ આવી વાક્યરચના યોગ્ય લાગશે – 'સુનીલથી નિબંધ લખાય છે.' 'હવે કાગડાથી ઉડાશે.'

કર્તા ધરાવે તે વાક્ય રચના કર્તરિ વાક્યરચના કહેવાય છે. હવે નીચેનાં બે જૂથમાં વહેંચેલાં વાક્યો વાંચો અને તેમની વચ્ચેનો તફાવત સમજો :

| **અ** | **બ** |
|---|---|
| મોહનકાકા ચાલે છે | મોહનકાકાથી હવે ચલાય છે. |
| દીદીએ સાડી ફાડી | દીદીથી સાડી ફાટી. |
| મુન્નો ખીચડી ખાય છે. | મુન્નાથી ખીચડી ખવાય છે. |
| અજયે ચા ઢોળી | અજયથી ચા ઢોળાઈ |

દેખીતી રીતે તમને ખ્યાલ આવશે કે વિભાગ **'બ'**નાં વાક્યોમાં 'થી' પ્રત્યય લગાવ્યો છે. તમે બંને જૂથનાં વાક્યો ફરીથી વાંચો અને આ રીતે કહેવાથી વાતના અર્થમાં શો ફેર પડ્યો તે સમજવાની કોશિશ કરો. જેમકે, 'મોહનકાકા ચાલે છે'માં સામાન્ય ક્રિયાનું નિરૂપણ છે; પરંતુ 'મોહનકાકાથી ચલાય છે.' એમ જ્યારે કહેવાયું ત્યારે ત્યાં એવું સૂચવાયું છે કે મોહનકાકાને કોઈ તકલીફ હતી. પણ હવે એમાં રાહત છે અને હવે તે ફરીથી, ધીમે ધીમે 'ચાલવાની ક્ષમતા' ધરાવે છે. એ જ રીતે વાક્ય 3માં જ્યારે મુન્નાથી ખીચડી ખવાય છે.' કહેવાય ત્યારે મુન્નો નાનો છે અને ખાતાં આવડ્યું છે અથવા મુન્નો બીમાર હતો અને હવે તેનાથીં ખીચડી ખાવા જેટલી ક્ષમતા આવી છે... વગેરે જેવા સંદર્ભ સમજાય છે.

તો વાક્ય 2 અને 4 જુઓ. તેમાં 'કર્તાનો ઈરાદો' સ્પષ્ટ થાય છે. વિભાગ 'અ'માં 'દીદીએ સાડી ફાડી' કહેવાય ત્યારે સમજાય છે કે સાડી ઘસાઈ ગઈ છે કે હવે નથી પહેરાતી તેથી તેનો અન્યત્ર ઉપયોગ કરવાનો છે તેથી 'સાડી ફાડી' કે ચા સારી નહોતી બની, ચામાં કચરો હતો... જેવાં કારણોસર અજયે 'ચા ઢોળી' પણ વિભાગ 2માં 'સાડી ફાટે' તે માટે દીદીનો કોઈ પ્રયત્ન કે ઈરાદો નથી કે નથી 'ચા ઢોળવા' માટે અજયનો. સાડી કશેક ભરાઈ, ખેંચાઈ અને ફાટી - અજાણતાં અને ઈરાદો તો બિલકુલ નહિ. એ જ રીતે અજયથી 'ચા ઢોળાઈ' એટલે કાં તો હાથ લાગ્યો અથવા ધ્યાન નહોતું.... જેવાં કારણોસર અજાણતાં 'ચા ઢોળાઈ' છે.

ટૂંકમાં સમજીએ તો વિભાગ 'અ'નાં વાક્યોમાં કર્તા છે. તેઓ જાણીને, ઈરાદાપૂર્વક, જવાબદારીપૂર્વક કોઈ ક્રિયા કરી રહ્યા છે. જ્યારે વિભાગ 'બ'માં કર્તા નથી. કારણ કે તેઓ જાણીજોઈને, ઈરાદાપૂર્વક કશું કરી રહ્યાં નથી, તેમનું કર્તૃત્વ નથી, તેવો નિર્દેશ છે. તેમાં તેમની ક્ષમતા આદિ બાબતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

વિભાગ 'અ' અને 'બ'ની વાક્યરચનામાં બે તફાવત જોવા મળશે. 1. કર્તાને '-થી' પ્રત્યય લાગે છે અને 2. ધાતુનું – ક્રિયાપદનું રૂપ બદલાય છે અથવા તેમાં '-આ' પ્રત્યય ઉમેરાય છે જેમકે, 'ફાડવું', 'ફાટવું'માં રૂપ બદલાયું છે તો 'ચાલ', 'ચલા', 'ખા' 'ખવા', 'ઢોળ', 'ઢોળા'-માં '-આ' લાગ્યા બાદ કાળ (ઢોળાશે...) અવસ્થા (લખાતું...), લિંગ, વચન (ખવાતો...) આદિ અન્ય પ્રત્યયો લાગે છે.

ગુજરાતી ક્રિયાત્મક વાક્યરચનાના મુખ્ય ત્રણ ઘટક છે. કર્તા, કર્મ અને ક્રિયાપદ. જો કર્તાનું મહત્ત્વ હોય તો તેને કર્તરિ વાક્યરચના કહેવાય છે. પણ જો કર્તાનું મહત્ત્વ ઘટાડવામાં આવે તો ? એટલે કે 'દીદીથી સાડી ફાટી' કહેવામાં આવે ત્યારે 'દીદી' કર્તાનાં લક્ષણો ધરાવતી નથી. તે ચેતન છે. પણ એ ક્રિયા પર તેનું નિયંત્રણ નથી, તે કરવા માટે તેનું કોઈ પ્રયોજન નથી, ઈરાદો નથી અને તેની જવાબદારી પણ નથી. તેથી 'દીદી'નું કર્તા તરીકે મહત્ત્વ રહેતું નથી.

જો વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટે તો કર્મનું મહત્ત્વ દેખાય. પણ તમને ખબર છે કે ગુજરાતી ભાષામાં બે પ્રકારના ક્રિયાપદ છે સકર્મક અને અકર્મક. સકર્મક ધાતુમાં તો કર્મ હોય તો કર્મનું મહત્ત્વ દેખાય પણ અકર્મમાં તો કર્મ જ નથી હોતું. તો શેનું મહત્ત્વ દેખાય ?

આગળ અભ્યાસ કર્યો છે; પરંતુ અહીં ફરીથી જોઈ લઈએ કે કર્મ એટલે કર્તાની ક્રિયા જેને આધારે દેખાય, કર્તાની ક્રિયાનું પરિણામ જેનામાં દેખાય, ક્રિયા થતાં અથવા પત્યા પછી જે પદાર્થમાં ફેરફાર દેખાય તે કર્મ જેમકે, 'લેવું', 'મૂકવું' વગેરે ક્રિયા જે પદાર્થના આધારે દેખાય તે નોટ, પેન, ચોપડી કે વસ્તુ – તેનું કર્મ. અથવા 'વાંચવું', 'સાંભળવું' વગેરે જે વસ્તુઓને આધારે થાય તે 'જવાબ', 'ગીત' વગેરે તે ક્રિયાઓનું કર્મ. 'દોરવું', 'દળવું' વગેરેમાં ચિત્ર, લોટ આદિ ક્રિયા પછી દેખાય તે વસ્તુ એટલે તે ક્રિયાઓનું કર્મ. જે ધાતુઓ કર્મ ધરાવી શકે તે સકર્મક અને જે ધાતુઓ કર્મ ન લઈ શકે તે અકર્મક ધાતુઓ.

- નીચે કેટલાક સકર્મક અને અકર્મક ધાતુ આપ્યા છે. તમે તેનાં કર્મ વિચારી જુઓ :

| | |
|---|---|
| **સકર્મક** | ખોદવું, શોધવું, પૂછવું, ખાવું, પીવું, નાખવું, પકડવું, તોડવું, બાંધવું, લેવું વગેરે |
| **અકર્મક** | આવવું, જવું, ઉંઘવું, સૂવું, બેસવું, ઉઠવું, તરવું, હસવું, રડવું, રહેવું, ડરવું વગેરે |

- નીચેનાં વાક્યોના ધાતુ સકર્મક છે કે તે વિચારો અને જણાવો :

(1) તમે બજારમાંથી શું લાવશો ? ________________

(2) મનન હોસ્ટેલમાં રહે છે. ________________

(3) સાહેબ ઊભા થયા. ________________

(4) કબૂતર આખો દિવસ ચણ્યા કરે છે. ________________

અહીં ચારમાંથી એક પણ વાક્યમાં કર્મનો નિર્દેશ કરેલો નથી. તેથી સહજ ધ્યાનથી વાંચીને ઉત્તર આપજો. ચાલો, ઉત્તર જોઈએ. 1. સર્કમક, 2. અકર્મક, 3. અકર્મક, 4. સકર્મક. હવે, તમને સકર્મક અને અકર્મક ધાતુ વચ્ચેનો ભેદ સમજાઈ ગયો હશે.

તમે કર્તરિ વાક્યરચના વિશે સમજ્યા, તમે સકર્મક અને અકર્મક વિશે સમજ્યા. એટલે કર્મણિ અને ભાવે પ્રયોગ તરત સમજાઈ જશે.

**કર્મણિ પ્રયોગ - ભાવે પ્રયોગ**

'ક્રિયા' પ્રકારના વાક્યમાં 'કર્તા' સૌથી મહત્ત્વનો ઘટક હોય છે. તેથી તે વાક્યરચનાને કર્તરિ વાક્યરચના કહે છે. પણ કોઈક કારણસર વક્તા કર્તાનું મહત્ત્વ ઘટાડે તો ? એવે વખતે જો સકર્મક ધાતુ હોય તો 'કર્તા' પછી 'કર્મ'નું મહત્ત્વ દેખાય છે. ત્યારે જે વાક્યરચના થાય તેને 'કર્મણિ' વાક્યરચના કહે છે. જેમકે, 'દીદીથી સાડી ફાટી.' તે જ રીતે જો અકર્મક ધાતુ હોય અને કર્તાનું મહત્ત્વ ઘટે તો ? એમાં તો કર્મ પણ હોતું નથી. આવી વાક્યરચનાને 'ભાવે' વાક્યરચના કહેવાય છે. જેમકે, 'મોહનકાકાથી હવે ચલાય છે.'

નીચેના વાક્યો વાંચો :

**કર્મણિ પ્રયોગ :**

ગુજરાતી ભાષામાં જુદી જુદી રીતે કર્મણિ પ્રયોગ જોવા મળે છે. ક્યારેક કર્તાને એટલો ગૌણ કરવામાં આવે કે તેનો ઉલ્લેખ પણ જરૂરી ન લાગે. જેમકે,

માંડવો વધાવાઈ ગયો.

જાનને શીખ દેવાઈ ગઈ.

ધર્માદાનાં લાગાલતરાં ચૂકવાઈ ગયાં.

પ્રસંગોની હારમાળા વર્ણવાઈ રહી છે. તેમાં માંડવો વધાવવાની ક્રિયા કોણે કરી કે જાનને શીખ આપવાની ક્રિયા કોણે કરી - તેનું મહત્ત્વ નથી. તેથી અહીં કર્તાનો ઉલ્લેખ અધ્યાહાર થઈ ગયો છે. તેથી આ કર્મણિ વાક્યરચના છે. આ કર્મણિ વાક્યરચનાને ઓળખવા માટેની ચાવી છે - તેના પ્રત્યય.

ગુજરાતી ભાષામાં કર્મણિપ્રયોગના બે પ્રત્યયો છે :

1. -આ -લખ -લખા (લખાય, લખાશે, લખાતું...)

ઉપરનાં વાક્યોમાં 'વધાવાઈ', 'દેવાઈ', 'ચૂકવાઈ' - વગેરેમાં 'વધા-', 'દેવા-', 'ચૂકવા-' -માં '-આ' પ્રત્યય જોઈ શકાય છે. અન્ય ઉદાહરણ જોઈએ તો -

| ક્રમ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ (-આ પ્રત્યય) |
|---|---|---|
| 1. | બા માથું ઓળે છે. | બાથી માથુ ઓળાય છે. |
| 2. | રોહને આબેહૂબ એવું જ ચિત્ર દોર્યું. | રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું. |
| 3. | મુન્નો દવા પીશે. | મુન્નાથી દવા પીવાશે |

2. -વા + માં + આવ - લખ - લખવામાં આવ-

| કર્મ | કર્તરિ વાક્ય - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ (-વા + માં + આવ) |
|---|---|---|
| 1. | આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવ્યું. | આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું |
| 2. | 60% થી વધુ પરિણામ લાવનાર વિદ્યાર્થીને સરકાર શિષ્યવૃત્તિ આપશે. | 60% થી વધુ પરિણામ લાવનાર વિદ્યાર્થીને સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |

સામાન્ય રીતે આ બીજો પ્રયોગ ઔપચારિક - formal રચનામાં થતો હોય છે.

અહીં તમે જોઈ શકો છો કે કર્મણિ પ્રયોગ દ્વારા શક્યાર્થ, ઇચ્છાર્થ, ક્ષમતા, ઔચિત્ય આદિ દર્શાવવા માટે કર્તાનું ગૌણત્વ અને કર્મનું પ્રધાનત્વ દર્શાવાયું છે.

- નીચે આપેલાં વાક્યો વાંચો અને તેને કર્મણિમાં ફેરવો :

(1) બાપુએ સુંદરને છોડ્યો ?

(2) છબીલે ધીરજ કાકાને બે રૂપિયા આપવાની હા પાડી.

(3) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શક્યો ન હતો.

(4) મીર તો હજી સગડ મેલતો નથી.

(5) જેણે હાથ વચ્ચે નામ ઘૂંટ્યું હોય તે અહીં બેસે.

ઉપરનાં વાક્યમાં કર્તાની ઇચ્છા, ક્ષમતાનો અભાવ, અવશતા આદિ ઉમેરવા કર્તાને ગૌણ કરવો પડે, તો કર્મણિ થાય. તમે આ વાક્યોને કર્મણિમાં ફેરવો. ચાલો, કર્તરિ અને કર્મણિ વાક્યોને સાથે જોઈએ.

| કર્મ | કર્તરિ | કર્મણિ |
|---|---|---|
| 1. | બાપુએ સુંદરને છોડ્યો ? | બાપુથી સુંદરને છોડાયો ? |
| 2. | છબીલે ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પાડી. | છબીલથી ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પડાઈ. |
| 3. | સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શકાયો ન હતો. | સકીનાના મૃત્યુનો ભેદ રમઝુથી પણ ઉકેલી શકાયો ન હતો. |
| 4. | મીર તો હજી સગડ મેલતો નથી. | મીરથી તો હજી સગડ મેલાતો નથી. |
| 5. | જેણે હાથ વચ્ચે નામ ઘૂંટ્યું હોય તે અહીં બેસે. | જેનાથી હાથ વચ્ચે નામ ઘૂંટાયું હોય તે અહીં બેસે. |

તમે તમારી કૃતિઓને ધ્યાનપૂર્વક વાંચશો તો ખ્યાલ આવશે કે રજૂઆતની સચોટ ભાવાભિવ્યક્તિ માટે કર્મણિ વાક્યરચના કેવી ઉપયોગી બને છે. જેમકે,

(1) અને એની શરણાઈનો સૂર બદલાયો.

(2) કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપડ્યું હતું.

(3) ધીરજકાકાથી પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો.

(4) અમારાથી ના કહેવાય ?

(5) અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રથી એકાએક ડોકું બહાર ખેંચાઈ લેવાયું.

આ કર્મણિ વાક્યો છે. તમે તેને કર્તરિમાં ફેરવો અને તેમાંથી આવશતા, લાચારી કે પ્રતિક્રિયાના ભાવ દૂર થાય છે; ઇચ્છા, નિયંત્રણ આદિના ભાવ ઉમેરાય છે તે સમજો.

| ક્રમ | કર્તરિ | કર્મણિ |
|---|---|---|
| 1. | અને એની શરણાઈનો સૂર બદલાયો. | એને એણે શરણાઈનો સૂર બદલ્યો. |
| 2. | કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપડ્યું હતું. | કન્યાપક્ષે કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપાડ્યું હતું |
| 3. | ધીરજકાકાથી પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો. | ધીરજકાકાએ પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લીધો. |
| 4. | અમારાથી ના કહેવાય ? | અમે ના કહીએ ? |
| 5. | અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રથી એકાએક ડોકું બહાર ખેંચાઈ લેવાયું. | અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રે એકાએક ડોકું બહાર ખેંચી લીધું. |

**ભાવે પ્રયોગ**

હવે નીચેનાં વાક્યો વાંચો :

- ધીમેધીમે સીમમાંથી બહાર નીકળવા મળ્યું.
- તક મળતી ગઈ તેમ તેમ નાનાં-મોટાં ભ્રમણો થતાં ગયાં.
- ગાડીના ડબ્બામાં બારી પાસે બેસી કલાકોના કલાકો પસાર થતા.

સામાન્ય રીતે તમે 'મારું ગામ' ('તેષાં દિક્ષુ') વાંચો અને તમને લાગે કે લેખકે પોતાની વાત કરી છે. પણ જો આ વાક્યને ભાવેપ્રયોગ તરીકે વાંચો તો તમને લેખકની અનુભૂતિ સમજાય. તેમના માટે ક્રિયા કરનાર, પોતે મહત્ત્વના નથી, તેમના માટે મહત્ત્વની છે ક્રિયા. બહાર નીકળવું, ભ્રમણ થવું, સમયનું પસાર થવું -

આ બધી બાબતોનું મહત્ત્વ વધારે છે અને તે અભિવ્યક્તિ થયું છે ભાવેપ્રયોગ દ્વારા.

તમને લાગશે કે કર્મણિપ્રયોગ પણ આવો જ છે ને કર્મણિ અને ભાવેપ્રયોગ વચ્ચે સામ્ય એ છે કે બંનેમાં કર્તાનું કર્તૃત્વ ગૌણ થાય. પણ બંને વચ્ચે તફાવત ધાતુ (ક્રિયાપદ)નો છે. જો ધાતુ સકર્મક હોય તો કર્મણિરચના થાય અને જો ધાતુ અકર્મક હોય તો ભાવેપ્રયોગ થાય.

| ક્રમ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | ભાવે પ્રયોગ |
|---|---|---|
| 1. | રમઝુ યંત્રવત આગળ વધ્યો. | રમઝુથી યંત્રવત્ આગળ વધાયું. |
| 2. | કંચનમાસી બોલ્યાં | કંચનમાસીથી બોલાયું. |
| 3. | તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો. | તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. |
| 4. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશ કુટુંબથી દૂર નહિ રહે. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશથી કુટુંબથી દૂર નહિ રહેવાય. |
| 5. | દાદા ઠંડા પાણીએ ન્હાય છે. | દાદાથી ઠંડા પાણીએ ન્હવાતું નથી. |

આ વાક્યોમાં અકર્મક ધાતુ પ્રયોજાયેલો છે. તેથી ભાવેપ્રયોગમાં કર્તાના ગૌણત્વ દ્વારા શક્યાર્થ, ઇચ્છાર્થ, ઔચિત્ય, ક્ષમતા આદિનો નિર્દેશ થયો છે.

હવે તમને કર્મણિ અને ભાવેપ્રયોગ સમજાયો હશે. હવે પ્રેરક વાક્યરચના જોઈએ.

**પ્રેરક વાક્યરચના :**

તમે જોયું કે ક્રિયા પર જેનું નિયંત્રણ હોય, ક્રિયા કરવા પાછળ જેનો કોઈ હેતુ હોય કે ક્રિયા અંગે જેની જવાબદારી હોય તેને કર્તા કહેવાય. હવે નીચેનાં વાક્યો વાંચો.

(અ) માળીએ શીમળાનું વૃક્ષ કાપ્યું.

(બ) કાકાએ માળી પાસે શીમળાનું વૃક્ષ કપાવ્યું.

આ બે વાક્યોમાં શો તફાવત છે ? વાક્ય (અ) અને (બ) બંનેમાં 'ઝાડ કાપવાની ક્રિયા તો 'માળી' જ કરે છે. અર્થાત્ માત્ર 'ક્રિયા કરનાર'ના અર્થમાં જોઈએ તો બંને વાક્યમાં કર્તા 'માળી' જ છે. પણ કયું ઝાડ કાપવું કયું ન કાપવું, કેટલું કાપવું - વગેરે. સંદર્ભે નિયંત્રણ, હેતુ અને જવાબદારી જોઈએ તો વાક્ય (અ)માં 'માળી'નાં અને વાક્ય (બ)માં જોઈએ તો 'કાકા'નાં છે. તેથી વાક્ય (અ)નો કર્તા 'માળી' અને વાક્ય (બ)નો કર્તા 'કાકા' છે. તો વાક્ય (બ)માં ખરો કર્તા કોણ ? ક્રિયા કરનાર અલગ છે અને નિયંત્રણ-જવાબદારી આદિ અન્યનાં છે. આ પરિસ્થિતિમાં એમ કહી શકાય કે 'કાકા' ક્રિયા કરવા માટે પ્રેરનાર છે, તેથી તે પ્રેરક કર્તા છે અને 'માળી' માત્ર ક્રિયા કરનાર છે. તેથી તે 'પ્રેરિત' કર્તાને 'પાસે, દ્વારા' જેવા નામયોગી કે કર્મસૂચક '-ને' પ્રત્યય લાગે છે. તેથી ખરેખર ક્રિયા ન કરનાર; પરંતુ ક્રિયા પર નિયંત્રણ ધરાવનાર, ક્રિયાની જવાબદારી ધરાવનાર પ્રેરક કર્તા મુખ્ય કર્તા ગણાય છે. આ પ્રકારની વાક્ય રચનામાં કર્તાની પ્રેરણા મુખ્ય હોય છે તેથી તેને 'પ્રેરક' વાક્યરચના કહે છે.

**નોંધ :** વાક્યરૂપાંતર વખતે પ્રેરક અથવા પ્રેરિત કોઈ પણ કર્તા ઉમેરી શકાય. જેમકે,

- માળી ઝાડ કાપે છે – કર્તરિ
- સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે. – પ્રેરકરચનામાં પ્રેરક કર્તાનું ઉમેરણ.
- માળી તેના દીકરા પાસે ઝાડ કપાવે છે. – પ્રેરકરચનામાં પ્રેરિત કર્તાનું ઉમેરણે.

નીચે કેટલાક કર્તરિ અને પ્રેરક વાક્યો આપ્યાં છે. તે ધ્યાનથી વાંચો. આમાં તમને સકર્મક અને અકર્મક બંને ધાતુ જોવા મળશે. બંનેમાં પ્રેરક કર્તા ઉમેરાઈ શકે.

| ક્રમ | કર્તરિ પ્રયોગ | પ્રેરક વાક્યરચના |
|---|---|---|
| 1. | બાપુ વાવટો ઉતારી લે છે. | બાપુ રામા પાસે વાવટો ઉતારી લેવડાવે છે. |
| 2. | જેઠીબાઈએ છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકી | જેઠીબાઈએ પોમા પાસે છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકાવી. |
| 3. | બા, તું એ ગીત ગા ને ! | બા, તું અમને એ ગીત ગવડાવ ને ! |
| 4. | બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો. | બલાઈએ મિત્ર પાસે તેની કાકીને પત્ર લખાવ્યો. |
| 5. | જો, જો, છેકરાઓ કાંઈ નઠારું શીખે. | જો, જો, ધીરજભાઈ, છોકરાઓને કાંઈ નઠારું શીખવતા. |
| 6. | સકીના પકવાન જમતી. | રમઝુ સકીનાને પકવાન જમાડતો. |

હવે તમે કર્તરિ, કર્મણિ, ભાવેપ્રયોગ અને પ્રેરકરચનાથી પરિચિત છો. શક્ય હોય તો તમારા પાઠ્યપુસ્તકની કૃતિ વાંચતી વખતે તમારી સામે જે વાક્યો છે તે સ્થિતિ, ક્રિયા કે પ્રક્રિયા - શું દર્શાવે છે તે જોજો અને જો તે ક્રિયા હોય તો કર્તરિ છે કે કર્મણિ કે ભાવે પ્રયોગ છે કે પ્રેરક રચના છે - તે જોજો. તેના દ્વારા લખાણમાં કેવી સચોટતા કે સાર્થકતા ઉમેરાય છે તે જોજો.

# વિશેષણ

- નીચેનો ફકરો વાંચો :

રમઝુએ સકીનાને હેતથી ઉછેરીને મોટી કરેલી. વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે કપડાં પર સો થીગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. પુત્રીને રમઝુ અછો અછો વાનાં કરતો.

હવે નીચેનો ફકરો વાંચો :

રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી ઉછેરીને મોટી કરેલી. માતા તેમજ પિતાના બેવડા વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર સૂકો રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે ફાટ્યાંતૂટ્યાં કપડાં પર સો થીગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. નમાઈ પુત્રીને રમઝુ અછો અછો વાનાં કરતો.

બંને ફકરામાં શો ભેદ લાગ્યો ? બીજો ફકરો વધુ ભાવવાહી લાગે છે ! તેનું કારણ સમજાય છે ? તેનું કારણ છે બીજા ફકરામાં પ્રયોજાયેલાં વિશેષણો.

તમે 'વિશેષણ' વિશે અગાઉ અભ્યાસ કર્યો છે. તમે જાણો છો કે વિશેષણ 'નામના અર્થમાં વધારો' કરે છે. તમે વિશેષણના વિવિધ પ્રકારો વિશે પણ જાણો છો.

રચનાને આધારે વિશેષણના (1) વિકારી વિશેષણ અને (2) અવિકારી વિશેષણ - એવા બે પ્રકાર કરવામાં આવે છે. જે વિશષણ તેના વિશેષ્ય (સંજ્ઞા)નાં લિંગ-વચન આદિને આધારે બદલાય તે વિકારી વિશેષણ. જેમકે 'નાનું' - નાનો ભાઈ, નાની કવિતા, નાનું ઝાડ અને જે વિશેષણ તેના વિશેષ્ય (સંજ્ઞા)ને આધારે પરિવર્તન લેતું નથી તે અવિકારી વિશેષણ. જેમકે હોશિયાર વિદ્યાર્થી, હોશિયાર પ્રાણી.

કાર્યને આધારે વિશેષણના પ્રકાર પણ તમે જાણો છો (1) ગુણવાચક, (2) સંખ્યાવાચક, (2) જથ્થાવાચક (4) માત્રા સૂચક. આ ઉપરાંત સર્વનામ પરથી પણ વિશેષણ સાધવામાં આવે છે, તેને સાર્વનામિક વિશેષણ કહે છે. આપણે આ પ્રકારો ફરી એક વાર જોઈ લઈએ ?

1. ગુણવાચક વિશેષણ :

   સુંદર, ખરાબ, ચોખ્ખું, ઊંચું, કાળું, સફેદ, જાડું, મોટું, ઘરડું, ઠંડુ, ડાહ્યું, વિશાળ, સાંકડું વગેરે.

2. સંખ્યાવાચક વિશેષણ :

   (ક) સાદી – પૂર્ણ સંખ્યાવાચક એક, બે, પાત્રીસ, નેવ્યાશી વગેરે.

   (ખ) ક્રમિક સંખ્યાવાચક – પહેલું, બીજું, આઠમું વગેરે

   (ગ) સંખ્યાંશવાચક – પા, અડધું, પોણું, સવા વગેરે

3. જથ્થાવાચક : બહુ, ઘણું, થોડું, ઓછું, વધારે (બહુ કામ, ઘણી પ્રવૃત્તિ...)

4. માત્રાસૂચક : આછું, ઘેરું, સાવ, તદ્દન વગેરે

5. સાર્વનામિક વિશેષણ : મારું, તારું, આપણું, તેનું, તેમનું, આટલું, આવડું

વિશેષણના આ પ્રકારોનો ખ્યાલ આવ્યો ?

- **નીચેના વાક્યો-પંક્તિઓમાંથી વિશેષણ તારવી તેના પ્રકાર જણાવી શકો ?**

(1) પછી આવે મારું નાનું ગામ.

(2) બે-ત્રણ નાના-મોટા ટીંબા છે.

(3) એથી અદકો વિષાદ રમઝુ મીરના હૃદય પર છવાયો હતો.

(4) એ પહાડો વચ્ચેના વાંકાચૂંકા સાંકડા માર્ગમાંથી લાંબી લાંબી વણઝાર આવી રહી છે.

(5) ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી.

**ચાલો, વિશેષણ તારવી તેના પ્રકાર જોઈએ :**

(1) મારું – સાર્વનામિક, નાનું – ગુણવાચક

(2) બે-ત્રણ – સંખ્યાવાચક, નાના-મોટા – ગુણવાચક

(3) અદકો – માત્રાસૂચક

(4) વાંકાચૂકા – ગુણવાચક, સાંકડા – ગુણવાચક, લાંબી લાંબી – ગુણવાચક

(5) ઉજ્જડ – ગુણવાચક, ખાલી – ગુણવાચક

આ વિશેષણોમાંથી વિકારી-અવિકારી અલગ તારવીએ ? ચાલો ઝડપથી જોઈએ, યાદી બનાવતા જઈએ.

**વિકારી :** મારું, નાનું, મોટું અદકું, વાંકુંચુંકું, સાંકડું, લાંબુ

**અવિકારી :** ઉજ્જડ, ખાલી

સમજાઈ ગયું ? નીચે અન્ય કેટલાંક વાક્યો આપ્યાં છે. તેનાં વિશેષણ તારવો અને તેના રચનાગત અને કાર્યગત પ્રકારો જણાવો.

(1) અરજીમાં લખાયેલી કરુણ કહાણીએ રાણીની આંખોમાં આંસુ આણી દીધાં.

(2) ખોટેખોટા રૂસણાં લેતી, અજબ નટખટ ને નખરાળી નવોઢા રમી રહી હતી.

(3) જેઠીમાએ મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટા અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી.

(4) તેણે યોગ્ય ઉપાય કર્યો હતો.

(5) ગામની બાજુમાંય કોઈ પ્રસિદ્ધ સ્થળ નથી.

(6) પરિણામે રમઝુના હૃદયમાં બમણું દર્દ ઘૂંટાતું હતું.

(7) રાંક રમઝુ રાજીરાજી થઈ ગયો.

(8) લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહોતાં હતાં.

(9) વગડા વચ્ચે એકાકી મંદિર છે.

(10) વ્યવહારડાહ્યા લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં. પણ મનસ્વી મીરને આવા અભિપ્રાયોની ક્યાં પડી હતી ?

વિશેષણ ઓળખીને પ્રકાર જણાવી શકશો ને ! ચાલો, જોઈએ :

(1) કરુણા – ગુણવાચક

(3) ખોટેખોટાં – ગુણવાચક, અજબ – ગુણવાચક, નટખટ – ગુણવાચક, નખરાળી – ગુણવાચક

(3) મોટી – ગુણવાચક, રેશમી – ગુણવાચક, મોટા – ગુણવાચક

(4) યોગ્ય – ગુણવાચક

(5) કોઈ – સાર્વનામિક, પ્રસિદ્ધ – ગુણવાચક

(6) બમણું – માત્રાસૂચક

(7) રાંક – ગુણવાચક

(8) લાંબા – ગુણવાચક, ઝીણી – ગુણવાચક

(9) એકાકી – ગુણવાચક

(10) વ્યવહારડાહ્યા – ગુણવાચક, ગરીબ – ગુણવાચક, મનસ્વી – ગુણવાચક

**વિકારી – અવિકારીમાં વર્ગીકૃત કરીએ ?**

**વિકારી વિશેષણ :** કરુણ, નખરાળું, મોટું, બમણું, લાંબુ, ઝીણું, વ્યવહાર ડાહ્યું

**અવિકારી વિશેષણ :** કરુણ, અજબ, નટખટ, રેશમી, યોગ્ય, કોઈ, પ્રસિદ્ધ, રાંક, એકાકી, ગરીબ, મનસ્વી

તમારી દરેક કૃતિમાંથી પસાર થતી વખતે વિશેષણ સમજશો, તો કૃતિ જુદી રીતે માણી શકશો.

•

# 13 ક્યાં રે વાગી

**લોકગીત**

લોકગીત કોઈ કવિનું સર્જન હોતુ નથી. લોકો દ્વારા કંઠોપકંઠ ઊતરી આવતું ગીત છે. એના પાઠમાં સમયાંતરે ફેરફારો પણ થતાં રહે છે.

ગોપીના કૃષ્ણપ્રેમને વ્યક્ત કરતા આ લોકગીતમાં ગોપીની કૃષ્ણમયતા બખૂબી વ્યક્ત થઈ છે. મોરલીએ ગોપીનું મન હરી લીધું છે. ગરબો ઘેલો થયો છે. મોરલીના ઘેરા ગૂઢ નાદથી વિહ્વળ બનેલી ગોપી સુધબુધ ગુમાવી, મા-બાપને ભૂલીને, બાળકોને રડતાં મૂકીને, ઘરનાં સઘળાં કામ પડતાં મૂકીને દોડી જાય છે. ઈશ્વરપ્રાપ્તિની ઘેલછામાં રહેલો નર્યો ત્યાગ અને અનન્ય ભક્તિ ભાવનાનો બોધ સુપેરે વ્યક્ત થાય છે. 'ક્યાં રે વાગી !'ની ધ્રુવપંક્તિમાં પુનરાવર્તિત થતો ઉદ્ગાર પ્રભુપ્રેમની તાલાવેલીનો અણસાર આપે છે. કૃષ્ણમય બનેલી ગોપીને ભગવાન શ્રીકૃષ્ણ 'અહીં-તહીં-સઘળે' વિસરતા દેખાય છે.

---

કાન, તારી મોરલીએ જી રે, મારાં મન હેર્યાં,

સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી !

ગૂઢા રાગની જી રે, મોરલી ક્યાં રે વાગી !

મધરાતની જી રે, અભાગણી ક્યાં રે વાગી !

સરવા સાદની જી રે, મોરલી ક્યાં રે વાગી !

કાન, તારી મોરલીએ જી રે ગરબો ઘેલો કીધો. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે સૈયરુંનો સાથ મેલ્યો. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે મા ને બાપ મેલ્યાં. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે રોતાં બાળ મેલ્યાં. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે કોઠીએ કણ ખૂટ્યાં. – સમી સાંજની

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**હેર્યાં** હરી લીધાં, ચોરી લીધા; **વજોગણ** વિરહિણી; **સમીસાંજ** સંધ્યાકાળ, સાંજની વેળા; **સૈયર** સહિયર **સાદ** અવાજ ; **ગૂઢા** ગૂઢાર્થ

### તળપદા શબ્દો

**મેલવું** મૂકવું, છોડી દેવું; **કણ** (અહીં) અનાજ, ધાન

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**રાત્રિનો મધ્યભાગ** - મધરાત; **અનાજ ભરવાનું માટીનું મોટું વાસણ** - કોઠી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોમાં સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કાવ્યનાયિકા પર કાનાની મોરલીની શી અસર થઈ છે ?

(a) સ્તબ્ધ બનાવી દીધી (b) મન હરી લીધું (c) ભાન ભૂલાવી દીધી (d) રાસ રમવા લાગી

(2) કાનાની મોરલીએ કોણ ઘેલું બન્યું ?

(a) ગોપાળો (b) ગોપીઓ (c) ગાયો (d) ગરબો

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કાવ્યમાં મોરલીના રાગને કેવો કહ્યો છે ?

(2) ગોપીએ કોનો સાથ છોડ્યો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) મોરલીના સાદની ગોપીઓના મન પર કેવી અસર થાય છે ? વર્ણવો.

(2) શ્રીકૃષ્ણની મોરલીને કવિએ અભાગણી કેમ કહી છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(1) 'ક્યાં રે વાગી' – કાવ્યનો ભાવાર્થ સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- લોકગીતો ગાવાની સ્પર્ધા રાખો.
- ઈન્ટરનેટના માધ્યમથી બીજા લોકગીતો મેળવી સાંભળો.
- ઝવેરચંદ મેઘાણીનો કાવ્યસંગ્રહ 'રઢિયાળી રાત' મેળવી તેમાંનાં લોકગીતોનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

ઘણીવાર કવિ કાવ્યની આંતરગૂંથણી માટે લોકપરંપરાને અનુસરતા હોય છે. આ લોકગીતમાં પણ વારંવાર 'જી રે'નો ઉપયોગ થયો છે. આ 'જી રે' કાવ્યને લય અને ગતિ આપે છે, સાથોસાથ કાવ્યગાનને પણ સુંદર બનાવે છે.

'સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી'

આ પંક્તિ ધ્રુવપંક્તિ છે. તે ભાવની અભિવ્યક્તિનું મહત્ત્વનું અંગ છે. એનાથી કૃષ્ણની મોરલીની જે અસર થાય છે તે અસરનું દૃઢીકરણ થતું રહે છે.

'મોરલી ક્યાં રે વાગી !' આ પ્રશ્ન અહીં વારંવાર પૂછાયો છે છતાં તેની સાથે પ્રશ્નાર્થચિહ્ન નહિ, ઉદ્ગાર ચિહ્ન મૂકાયું છે જે બતાવે છે કે અહીં મુખ્ય ભાવ સવાલ પૂછવાનો નહિ પણ આશ્ચર્યનો છે.

મોરલી માટે વણજોગણ, અભાગણી, ગૂઢ રાગની, મધરાતની, સરવા સાદની જેવા શબ્દો વપરાયા છે જે મોરલીની વિશિષ્ટતા અને અસરકારકતા બતાવે છે શબ્દોની આ વિધિધતાની અસર ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

- કૃષ્ણની મોરલીનો જાદુ અનેરો હતો. જ્યારે જ્યારે મોરલી વાગે ત્યારે જાણે સંમોહન થતું હોય તેમ ગોપીઓ હાથમાં લીધેલાં કામ, આસપાસની વ્યક્તિ, વાતાવરણ, સંબંધો બધુ ભૂલીને વાંસળીના સૂરમાં લીન બની જાય છે તે બાબત સ્પષ્ટ કરવી.
- મોરલી માટે મનહર, વિજોગણ, અભાગણ જેવાં વિશેષણો વિશે ચર્ચા કરવી.
- બંસીબોલના કવિ દયારામનાં પદો, લોકગીતો અને અન્ય કવિઓના વાંસળી વિશેનાં કાવ્યોના સંદર્ભો રજૂ કરી શિક્ષણકાર્યને વધુ સમૃદ્ધ અને રસપ્રદ બનાવવું.

•

# 14 જેઠીબાઈ

**દુલેરાય કારાણી**

**(જન્મ : તા. 26-02-1896; અવસાન : તા. 26-02-1989)**

દુલેરાય કારાણીનો જન્મ કચ્છ જિલ્લાના મુંદ્રામાં થયો હતો. કચ્છના પ્રતિષ્ઠિત સાહિત્યકાર, કવિ અને લોકસાહિત્યના વિદ્વાન સંશોધક દુલેરાય કારાણીની જન્મ અને મૃત્યુની તારીખ સમાન છે.

તેમણે 'બ્લેક હિલ્સ ઑફ કચ્છ' ગ્રંથનો 'કારા ડુંગર કચ્છા જા' નામે અનુવાદ કર્યો છે. તેમણે થોકબંધ લોકકથાઓ આપી છે. કચ્છના 'મેઘાણી' તરીકે તેઓ ઓળખાતા હતા. તેમણે લખેલો 'કચ્છ કલાધર' એક ઔતિહાસિક ગ્રંથ છે. તેમની પાસેથી 'ગાંધીબાવની', 'સોનલબાવની' તેમજ 'કચ્છી સંગર' જેવી પદ્ય રચનાઓ મળી છે. તેમણે 'કચ્છના સંતો અને કવિઓ', 'કચ્છનું લોકસાહિત્ય' જેવી કૃતિઓ આપી છે.

આ લોકકથામાં દીવમાં રંગાટનું કારખાનું ચલાવતાં જેઠીબાઈ પોર્ટુગીઝ સરકારના અન્યાયી કાયદાઓનો પ્રતિકાર કેવી રીતે કરે છે તેની કથા છે. જે બાળકનાં માતપિતા ન હોય તેની મિલકત જપ્ત થતી, ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાની ફરજ પડાતી તે કાયદાની સામે જેઠીબાઈ યુક્તિ અને ઉદારતાથી વિજય મેળવે છે. એટલું જ નહિ, પોર્ટુગલ જઈને ત્યાંની રાણીને મળીને અન્યાયી કાયદો દૂર કરાવે છે એમાં એક નિરક્ષર સ્ત્રીની સંવેદનશીલતા, ખુમારી અને કોઠાસૂઝ ઉત્તમ રીતે વ્યક્ત થાય છે. આજથી દોઢ-બે સદી પહેલાં આવું વ્યક્તિત્વ હોય તે આપણા સંસ્કાર જીવનનું ગૌરવ છે એ આ લોકકથા દ્વારા પ્રગટ થયું છે.

---

રાઓશ્રી ભારમલ્લજીના રાજ્ય-અમલ દરમિયાન માંડવીની ખત્રિયાણી જેઠીબાઈની હિંમત અને કુનેહનો આ કિસ્સો માત્ર કચ્છ માટે જ નહિ પણ સમસ્ત ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

અમાસની અંધારઘેરી રાત્રિનો ગાઢ અંધકાર દશે દિશાને ઘેરી વળ્યો હતો. અર્ધી રાત વીતી ગઈ હતી. એ સમયે સૌરાષ્ટ્રને દક્ષિણ કિનારે આવેલ દીવ બંદરના રંગાટ અને વણાટકામના એક કચ્છી કારખાનામાં કાનજી નામનો એક કચ્છનો કામદાર છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. અહીં એનાં ઘરબાર ન હતાં. પત્ની તો ક્યારનીયે પરમ ધામમાં પહોંચી ગઈ હતી. પેટનો ખાડો પૂરવા તે પોતાના એકના એક નમાયા પુત્રને લઈને કચ્છ-માંડવીના પંજુ ખત્રી અને તેની ધર્મપત્ની જેઠીબાઈના દીવબંદરના કારખાનામાં મજૂરી કરતો હતો.

દસ વરસના દીકરાને લઈને તે અહીં આવ્યો હતો. આજે એનો દીકરો ચૌદ વરસનો થયો હતો. ત્યાં તો કાનજી પણ એની સ્વર્ગવાસી પત્ની પાસે પહોંચી જવાની તૈયારીમાં આવી પડ્યો હતો. સગાં-સંબંધીમાં તો તેનો એકનો એક પુત્ર પમો અને કારખાનાના મજૂરો સિવાય બીજું કોઈ ન હતું. હા, કારખાનાની માલિકણ જેઠીમા તો મા કરતાં પણ વધારે હતી. એક કાનજી માટે જ નહિ આ કારખાનાના તમામ કામદારો પર એ માતા જેટલું જ વહાલ રાખતી હતી. પારકા પ્રદેશમાં પેટનું પૂરું કરવા આવેલ કામદારોની માતાની ખોટ જેઠીમા પૂરી કરતી હતી.

જેઠીમાએ કચ્છ-માંડવીથી ઉપડીને દીવ બંદરમાં રંગાટ અને વણાટકામનું એક મોટું કારખાનું ઊભું કર્યું હતું. ભારતના રંગાટકામના હુન્નરમાં કચ્છનો ફાળો મોટો હતો. જામ રાવળના વખતમાં કચ્છથી જામનગર આવેલ ખત્રીઓએ રંગાટકળાને ખૂબ ખીલવી હતી. સમસ્ત સૌરાષ્ટ્રમાં જામનગરનું રંગાટકામ એક અવાજે વખણાતું. પરંતુ જેઠીબાઈએ તો દૂર દૂરના દીવબંદર પર પસંદગી ઉતારી હતી. દીવબંદરથી એના કારખાનાનો પુષ્કળ માલ પરદેશ પણ ચડતો હતો. યુરોપ, ઈરાન અને જંગબાર-મોઝાંબિક સુધી એનો માલ પહોંચી જતો હતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે દિવસે દિવસે આ કારખાનાનો વિકાસ વધુ ને વધુ થતો જતો હતો.

ગુજરાતના સુલતાનોના સમયમાં પોર્ટુગીઝ લોકોએ આક્રમણ કરીને દીવ જીતી લીધું હતું. સત્તરમાં સૈકાની અધવચ્ચેનો એ સમય હતો. પોર્ટુગલની મહારાણી વતી દીવનો વહીવટ પોર્ટુગિઝ ગવર્નર ચલાવી રહ્યો હતો.

એ અરસામાં પોર્ટુગલના પાદરીઓ તરફથી ધર્મપરિવર્તન વટાળપ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી. ભારતમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે પાદરીઓ જમીન-આસમાન એક કરી રહ્યા હતા. અજ્ઞાન અને ભોળા લોકોને લાલચમાં લપટાવીને તેમને ખ્રિસ્તી ધર્મમાં ખેંચી લેવામાં આવતા હતા. અહીંના કાયદાઓ પણ વટાળપ્રવૃત્તિને ઉત્તેજન આપે એવા પ્રકારના કરવામાં આવ્યા

હતા. એમાં એક કાયદો એવો હતો, કે કોઈ પણ બાળક નિરાધાર હોય તો તેને બળજબરીથી ખ્રિસ્તી બનાવી ને તેનાં માલ-મિલકત જપ્ત કરી લેવાં. આ અતિ અન્યાયી કાયદાએ દીવની જનતાના હૃદયમાં ફફડાટ પેદા કરી દીધો હતો. કાયદો એ કાયદો જ હતો અને કાયદો એનું કામ કરી રહ્યો હતો. પાદરીઓની સત્તા અને એમની જોહુકમી આ કાયદાથી બેમર્યાદ બની જતી હતી.

પોર્ટુગીઝ અમલની આવી આપખુદીની સમયમાં મરણપથારી પર પડેલ કાનજીનો જીવ નીકળતો ન હતો. એના મૃત્યુ બાદ ચૌદ વરસના એના પુત્ર પર ખ્રિસ્તી પાદરીઓનો કાયદો કેવી આફત વરસાવશે એ ચિંતા કાનજી કામદારના કાળજાને કોરી ખાતી હતી. એનો જીવ એ ચિંતામાં જ અટવાયા કરતો હતો. આજે આઠ આઠ દિવસથી એણે અનાજનો એક દાણો પણ લીધો ન હતો. આમ છતાં છેલ્લાં ડચકાં ખાતો એનો જીવડો કેમે કરી નીકળતો ન હતો. એના જીવની મુક્તિ થતી ન હતી.

આઠમા દિવસની અર્ધી રાતે એના જીવને રૂંધાતો જોઈને જેઠીમા એને આશ્વાસન આપી રહ્યાં હતાં, 'કાનાભાઈ, તું તારા જીવને ગતે કર ! તારે જે કંઈ કહેવું હોય તે કહી દે ! તારો જીવ કેમ અકળાય છે ?'

આ વખતે કાના કમદારે બાજુમાં જ ઊભેલા એના કિશોર પુત્ર તરફ અંગુલિનિર્દેશ કર્યો. જેઠીમા તરત જ એના મનની વાત પામી ગયાં. કિશોરનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું : 'કાના, હું આજે ભગવાનને સાક્ષી રાખીને પ્રતિજ્ઞા લઉં છું કે મારું આખું કારખાનું ઊંધું વળી જાય તો પણ તારા દીકરાને ઊની આંચ આવવા નહિ દઉં ! આજથી આ દીકરો તારો નથી પણ મારો છે. તું સુખેથી તારો જીવ ગતે કર.'

જેઠીમાના આ શબ્દોએ કાનાના અંતરના ઉત્પાતને શમાવી દીધો. એનું મૂંઝાતું મનડું શાંત બની ગયું. જેઠીમાનાં વચનોમાં એને પૂરેપૂરી શ્રદ્ધા હતી. થોડી જ વારમાં એના પ્રાણ પરવારી ગયા.

ખેલ ખરાખરીનો હતો. કાનાના અવસાનની વાત બહાર પડી જાય તો તે જ ઘડીએ પાદરીઓ અને પોલીસોનો ધસારો આખા કારખાનામાં ઊથલપાથલ મચાવી દે એવું હતું. કાનાના નિરાધાર દીકરાને અને એની ઘરવખરીને પણ ખેંચી જાય. જેઠીમાએ સમયસૂચકતા વાપરીને કાનાના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો અને બીજી જ દિશામાં પગલાં માંડ્યા. એ જ રાતે કારખાનાના એક બીજા કામદારની પુત્રી સાથે કાનાના પુત્ર પમાનાં લગ્ન પણ કરાવી દીધાં. લગ્નવિધિ પૂર્ણ થતાં ઝડપી ગતિએ પમાનું નવું ઘર મંડાવી દીધું.

બીજા દિવસની સાંજે કાનાના મૃત્યુની જાહેરાત કરવામાં આવી. પાદરીઓ તો ટાંપીને જ બેઠા હતા. તરત જ પોલીસપાર્ટીને સાથે લઈને પાદરી લોકોનું ધાડું આવી પહોંચ્યું. આ વખતે જેઠીમાં તો એક વીરાંગના બની ગયાં. પાદરીઓ અને પોલીસ આડે દીવાલ જેવાં બનીને તેણે નીડરતાથી પડકાર કર્યો કે, કાનાનો પુત્ર નિરાધાર નથી, એ તો ક્યારનોયે પરણી બેઠો છે. લગ્નગ્રંથિથી જોડાઈ ગયો છે.

જેઠીમાનું રૂપ આજે તો રણચંડી જેવું બની ગયું હતું. પોલીસ અફસર એની તેજસ્વિતા આગળ ડઘાઈ ગયા હતા. થોડા ધમપછાડા મારી સૌ પાછા ફર્યા.

આમ છતાં એ લોકો ઝટ મમત મેલી દે એવા ન હતા કારણ કે એ તો મમતીલી પોર્ટુગીઝ સરકારના પાદરી હતા. કાનાનો મુકદમો એ લોકો દીવાની પોર્ટુગિઝ અદાલતમાં લઈ ગયા. કાનાના પુત્રનાં લગ્ન ફોક કરવા એમણે ન્યાયની આદાલતનો આશરો લીધો. પણ થયેલ લગ્ન ફોક થઈ શકે નહિ એવો હિંદુ ધર્મના અબાધિત અધિકારનો અદાલત પણ ભંગ કરી શકે નહિ. અદાલતમાં આખરે આ લગ્ન કાયદેસર ગણાયાં અને પોર્ટુગિઝો હાથ ઘસતા રહી ગયા.

આ રીતે જેઠીમાનો નૈતિક વિજય તો થયો, પરંતુ  પોર્ટુગીઝ સરકારનો જાલીમ કાયદો એના અંતરમાં હજુ કાંટાની પેઠે ખટકતો હતો. આ કાળા કાયદાના સકંજામાંથી છૂટવા માટે કયો રસ્તો લેવો એ જ વિચારો એના અંતરમાં રાતદિવસ ઘોળાતા હતા.

જેઠીમાની સામે પોર્ટુગીઝની હઠાગ્રહી સરકાર હતી. સીધો સામનો કરવાથી તો આ સરકાર એને ચાંચડની માફક ચોળી નાખે એવો એ જમાનો હતો. એટલે જેઠીમાએ એક નવો જ માર્ગ ગ્રહણ કર્યો.

એક બાહોશ બૅરિસ્ટરની સલાહ લઈને પોર્ટુગલની રાણી ઉપર, જેઠીમાએ પોર્ટુગીઝ સરકારના જુલમની કહાણી પોર્ટુગિઝ ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરી. ત્યાર પછી આ અરજીના અંગ્રેજી અક્ષરોમાં મોટાં બીબાં લાકડાની પટ્ટીઓમાં કોતરાવીને તૈયાર કર્યાં. મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટાં અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી.

અરજીની આજુબાજુ ચારે તરફ એક સુંદર ફૂલવેલ પણ છાપીને ગોઠવી દીધી. આખી એઢણી પર આ અરજી એવી કળાપૂર્વક તૈયાર કરવામાં આવી હતી કે જોનાર એને જોઈને જ ચકિત થઈ જાય. અરજીમાં માતબર હિંદુ ગૃહસ્થોની સહીઓ પણ લઈ લેવામાં આવી હતી. ધર્મને નામે ચાલતા જુલમોનો એમાં આબેહૂબ ચિતાર હતો.

આ અરજી છાપેલી ઓઢણીને સુંદર કિનખાબની થેલીમાં મૂકીને જેઠીબાઈએ પ્રવાસની તૈયારી કરવા માંડી. દીવ બંદરેથી વહાણોમાં ઊપડીને બે અઠવાડિયાં પછી પોર્ટુગલની ધરતી પર પગ મૂક્યો.

અહીં આવી પોર્ટુગલના ગવર્નરના બે મોટા અધિકારીઓની જેઠીબાઈએ મુલાકાત લીધી. એકનું નામ હતું, એન્ટોનિયોમેલો-દ-કેસ્ટ્રો અને બીજાનું નામ હતું એનલિકેસ્ટ્રો-દ-રાલ. આ બંને અધિકારીઓએ ઘણી જ સહાનુભૂતિથી જેઠીબાઈને મુલાકાત આપી. એની બધી હકીકત પણ ધ્યાનમાં લીધી. આ મુલાકાત વખતે જેઠીબાઈ ધોળે દિવસે હાથમાં સળગતી મશાલ લઈને ગઈ હતી. કારણમાં એમ હતું કે પોર્ટુગીઝ સરકારના રાજ્યમાં ઘોર અંધકાર છે એટલે એને પ્રકાશની જરૂર છે.

આ પ્રયોગે ઉભય અધિકારીઓ પર ભારે અસર કરી. આ ઑફિસરોએ એ વખતની પોર્ટુગલની રાણી ડૉન લ્યૂઝાની મુલાકાતની સગવડ કરી આપી, એટલું જ નહિ પણ જેઠીબાઈની અરજ પર ખાસ લક્ષ્ય આપવાની ભલામણ પણ કરી દીધી.

પોર્ટુગલની રાણી અને જેઠીબાઈની મુલાકાત ઠીક ઠીક લાંબી ચાલી. ભારતની એક કાળા રંગની બાઈને મુલાકાત આપવા વખતે પોર્ટુગલની રાણીએ ખૂબ સૌજન્ય દાખવ્યું હતું. જેઠીબાઈએ હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની છાપેલી ઓઢણી રાણીને ભેટ કરી. ઓઢણીની અંદર મોટા અક્ષરે છાપેલી અરજી વાંચીને રાણી તો આશ્ચર્યમુગ્ધ બની ગઈ. અરજીની કરુણ કહાણીએ તેની આંખોમાં આંસુ આણી દીધાં. ખરેખર, એક સ્ત્રીના હૃદયને સ્ત્રીના હૃદય સિવાય બીજું કોણ પારખી શકે ?

રાણીએ જેઠીબાઈની કલામય કૃતિ અને હિંમત માટે ધન્યવાદ આપ્યા અને આભારની લાગણી વ્યક્ત કરી. ભારતમાં પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો તેણે પોતાના ખાસ ફરમાનથી રદ કરાવ્યો.

તે દિવસથી જેઠીબાઈની ઓઢણી - 'પાન-દ-જેઠી'નું નામ વિખ્યાત બની ગયું. આ ઓઢણીની ભાત સાથે જેઠીબાઈનું નામ પણ જોડવામાં આવ્યું. આ ભાત ભારતની એક અનોખી ભાત ગણાતી.

રાણીની આજ્ઞાનો ઠરાવ એક તામ્રપત્ર પર કોતરવામાં આવ્યો. આ તામ્રપત્ર ઘણા માન અને દબદબા સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું.

એ ઉપરાંત જેઠીબાઈના માનમાં અઠવાડિયામાં એક દિવસ તેમના ઘર આગળ બેન્ડ વગાડવાનો હુકમ કરવામાં આવ્યો. જેઠીબાઈની જિંદગી સુધી આ કાર્યક્રમનો અમલ ચાલુ હતો. પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે જેઠીબાઈના માનમાં પોતાના માથા પરથી હેટ ઉતારી નાખતા.

કચ્છ-માંડવીનાં એક અભણ બાઈ-જેઠીબાઈ આ રીતે પોતાના ગજા ઉપરવટનું એક અદ્‌ભુત કાર્ય કરીને પોતાના નામને પ્રખ્યાત કરી ગયાં, અમર કરી ગયાં

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**શાણપણ** ડહાપણ, બુદ્ધિમત્તા; **આપખુદી** આપખુદ વર્તન, સ્વેચ્છાચાર; **ઉત્પાત** ધાંધલ, તોફાન; **શમાવી દેવું** ટાઢું પાડવું, શાંત કરવું; **મમત** હઠ, જિદ; **ચાંચડ** એક જંતુ; **જાલિમ** જુલમ કરનારું; **સકંજો** (ગાળિયો) ભીંસ; **જુલમ** સિતમ, અત્યાચાર; **સાંગોપાંગ** પૂરેપૂરું; **માતબર** ભરપૂર, સમૃદ્ધ; **સૌજન્ય** સજ્જનતા, માણસાઈ; **ફરમાન** હુકમ, આદેશ

### વિરુદ્ધાર્થી શબ્દો

**અમાસ** × પૂનમ; **અંધકાર** × ઉજાસ; **અજ્ઞાની** × જ્ઞાની; **ભોળું** × લુચ્ચું; **શાંત** × અશાંત; **ન્યાય** × અન્યાય; **વિજય** × પરાજય; **નૈતિક** × અનૈતિક

## રૂઢિપ્રયોગ

**કાળજાને કોરી ખાવું** - દુઃખની અનુભૂતિ થવી; **ઊની આંચ આવવી** - દુઃખ કે તકલીફ આવવી; **બાજી બગડી જવી** - યોજના કે ગોઠવણ નિષ્ફળ જવી; **ધૂળમાં મળી જવું** - નાશ પામવું; **પ્રાણ પરવારી જવા** - મૃત્યુ થવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**કામ કઢાવી લેવાની કળા** - કુનેહ; **અંધારિયા પક્ષનો છેલ્લો દિવસ** - અમાસ કળ; **કારીગરીવાળો ઉદ્યોગ** - હુન્નર; **બહાદુર સ્ત્રી** - વીરાંગના

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) જેઠીબાઈનું મૂળ વતન કયું ?

(a) કચ્છ-માંડવી (b) કચ્છ-અંજાર (c) કચ્છ-ભૂજ (d) કચ્છ-મુંદ્રા

(2) જેઠીબાઈ અને તેમના પતિ શેનું કારખાનું ચલાવતાં હતા ?

(a) હીરા ઉદ્યોગ (b) શણ ઉદ્યોગ (c) રંગાટ-વણાટકામ (d) ભરત-ગૂંથણકામ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) જેઠીબાઈએ કયા સ્થળે રંગાટ અને વણાટકામ ઊભું કર્યું હતું ?

(2) સૌરાષ્ટ્રમાં કયા સ્થળનું રંગાટકામ વખણાતું ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) જેઠીબાઈના કારખાનાનો માલ કયા-કયા દેશમાં જતો હતો ?

(2) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) પોર્ટુગલના પાદરીઓ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે કેવી રીતો અપનાવતા હતા ?

(2) 'જેઠીબાઈ'નું પાત્રાલેખન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'સ્વાતંત્ર્યસેનાનીઓની' વેશભૂષા સ્પર્ધા ગોઠવવી.
- ગૌરવરૂપ સ્ત્રીઓનાં ચરિત્ર વર્ગખંડમાં સંભળાવો
- ભારતની વીરાંગનાઓના પ્રસંગો એકઠા કરી અને હસ્તલિખિત અંક તૈયાર કરો.
- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર સ્ત્રીપાત્રોનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

- <u>વધુ ને વધુ</u> વિકાસ થતો જતો હતો.
- પ્રવૃત્તિ <u>પૂરજોશમાં</u> ચાલી રહી હતી.

- ઝડપી ગતિએ ઘર મંડાવી દીધું.
- દબદબા સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું.

અહીં લીટી દોરેલ શબ્દો તેની પાછળ આપેલ ક્રિયા કેવી રીતે થઈ તે વર્ણવે છે. અર્થાત્ ક્રિયાના અર્થમાં ઉમેરો કરે છે. આમ, ક્રિયાના અર્થમાં ઉમેરો કરતાં શબ્દો ક્રિયાવિશેષણ તરીકે ઓળખાય છે તે સમજો. આપણે રોજિંદા જીવનમાં આવા શબ્દો વાપરીએ છીએ... જેમકે 'હું ઝડપથી દોડ્યો', મેં એને દૂરથી જોયો.' આવાં વાક્યોમાં પણ આપણે ક્રિયાવિશેષણરૂપે વાપરીએ છીએ. પાઠનાં અન્ય વાક્યો તપાસી ક્રિયાવિશેષણ ઓળખો.

''જેઠીમાનું રૂપ આજે રણચંડી જેવું બની ગયું હતું.''

''...તો આ સરકાર એને ચાંચડની માફક ચોળી નાખે...''

આ હકીકતને આ રીતે રજૂ કરવામાં આવે કે... 'જેઠીમા આજે ખૂબ ગુસ્સામાં દેખાતાં હતાં' અને 'સરકાર એને અન્યાય કરે' તો હકીકતનું આ સાવ સામાન્ય વર્ણન થયું ગણાય; પણ લેખકે તેને વધારે અસરકારક બનાવવા, ચોટદાર બનાવવા 'જેઠીમા'ને 'રણચંડી'ની ઉપમા આપી છે અને 'એને' (જેઠીમાને) ચાંચડની ઉપમા આપી છે. તથા સરકાર કેટલી તાકાતવાન છે તે બતાવ્યું છે. અલંકારના પ્રયોગથી વ્યક્તિ, ઘટના કે પ્રક્રિયા કેટલી પ્રત્યક્ષ બને છે, ચિત્રાત્મક બને છે, થોડામાં ઘણું સૂચવે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

- નારીશક્તિનું રૂપ છે, જેઠીબાઈ તેનું ઉદાહરણ છે તે પ્રસ્તુત પાઠને આધારે વિદ્યાર્થીઓને સમજાવવું. માલિક અને નોકર વચ્ચે ભેદભાવ રાખ્યા વિના પોતાના કારીગરના મૃત્યુને સુધારનાર જેઠીબાઈએ માનવતાની મિસાલ રજૂ કરી. એટલું જ નહિ, પોર્ટુગિઝોને કાયદામાં પરિવર્તન લાવવું પડે તેવા લાગણીસભર ઉપાયો કર્યા. કાયદો બદલાવી સન્માન પણ પ્રાપ્ત કર્યું. તે વિસ્તારથી સમજાવી સ્ત્રી ધારે તો શું શું કરી શકે તેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.
- ઝાંસીની રાણી જેવી વિરાંગનાઓના સંદર્ભો આપી વિદ્યાર્થીઓમાં સ્ત્રી સન્માનની ભાવના વધે તેવા પ્રયત્ન કરવા. 'સર્વધર્મ સમ, સર્વધર્મ મમ'ની ઉક્તિ મુજબ વિદ્યાર્થીઓને બધા ધર્મો પ્રત્યે સમાનભાવ, આદર અને સન્માન જાગે તે વિશે પણ ચર્ચા કરવી.

•

# 15 તે બેસે અહીં

**સ્નેહી પરમાર**

**(જન્મ : તા. 01-06-1971)**

સ્નેહી હરિભાઈ પરમારનું જન્મસ્થળ અમરેલી જિલ્લાનું સનાળિયા છે. તેઓ બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સરળ, બોલચાલની ભાષામાં લખાયેલી એમની ગઝલો ખૂબ જ લોકપ્રિય બની છે. 'પીડા પર્યંત', 'યદા તદા ગઝલ' તેમના ગઝલ સંગ્રહો છે.

કવિએ આ ગઝલમાં સભામાં, એટલે કે માનભર્યા સ્થાનમાં, બેસવાની લાયકાત શામાંથી મળે છે તેનું સુંદર વર્ણન કર્યું છે. બીજાને માટે સંવેદના, મોટા સ્થાન ઉપર પહોંચીએ ત્યારે પણ પોતાની લાયકાત વિશે સજાગ થઈ જાતને પૂછવું અને યોગ્યતા ન લાગે તો સભામાંથી ઊઠી જવું એનાં નિખાલસ ચિત્રો કવિએ અલગ અલગ શેરમાં રજૂ કર્યાં છે. આ રીતે મનુષ્યના મહિમાનો આધાર વર્ણવ્યો છે. પ્રશ્નો અને તેના ઉત્તરો દ્વારા કવિએ જાણે જાત-તપાસ રજૂ કરી છે. દરેક મનુષ્યે જાતને પૂછવા જેવા આ પ્રશ્નો છે એમ પણ સૂચવાય છે.

---

કોઈનું પણ આંસુ લૂછ્યું હોય, તે બેસે અહીં
ને પછી છાતીમાં દુખ્યું હોય, તે બેસે અહીં.

સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં
કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય, તે બેસે અહીં.

હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહિ
કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં.

એટલો લાયક ખરો કે હું અહીં બેસી શકું ?
એટલું પોતાને પૂછ્યું હોય તે બેસે અહીં

જે ક્ષણે પોતાને પૂછ્યું હોયની બીજી ક્ષણે
આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં.

**(યદા તદા ગઝલ)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**સૂર્ય** ભાસ્કર, રવિ, આદિત્ય; **હાથ** હસ્ત, કર, પાણિ; **ચરણ** પગ **ક્ષણ** પળ, ઘડી

### વિરુદ્ધાર્થી શબ્દો

**લાયક** × ગેરલાયક; **ઊઠવું** × બેસવું

### રૂઢિપ્રયોગ

**આંસુ-લૂછવું** - દુ:ખ દૂર કરવું; **સૂર્ય તપવો** - પ્રગતિના શિખર પર હોવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'સૂર્ય તપતો હોય એનો મધ્યમાં'નો અર્થ....

(a) વૈશાખ મહિનાનો સૂર્ય　　(b) લાલ ધગધગતો ગોળો

(c) પ્રગતિની ટોચે હોવું　　(d) સૂર્ય અને ચન્દ્રની મધ્યમાં

(2) કવિ કઈ રીતે આપેલ દાનને ઉત્તમ માને છે ?

(a) ગુપ્ત રીતે દાન આપ્યું હોય　　(b) હાથથી દાન આપ્યું હોય

(c) દાનની ખૂબ જ જાહેરાત કરી હોય　　(d) દાન આપ્યું જ ન હોય

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) માણસની નમ્રતા કવિએ કઈ પંક્તિ દ્વારા દર્શાવી છે ?

(2) સભામાં બેસવા માટેની લાયકાત કઈ ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બીજાના દુઃખે દુઃખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે ?

(2) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) માણસની સભાપાત્રતાની યોગ્યતા ગઝલને આધારે સમજાવો.

(2) અંતિમ બે શેરને આધારે આત્મનિરીક્ષણ અને પ્રમાણિકતા સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પ્રાર્થનાસભામાં મુશાયરાનો કાર્યક્રમ રાખો.
- આ ગઝલનું ભાવવાહી પઠન કરો.
- ગુજરાતના જાણીતા ગઝલકારોની ગઝલો સાંભળો.
- નેટ પરથી ગુજરાતી ગઝલો ડાઉનલોડ કરી સાંભળો.

## ભાષા-અભિવ્યક્તિ

ગઝલની બે પંક્તિઓ મળી એક 'શેર' બને છે. અહીં પ્રથમ શેરમાં અને ત્યારબાદ દરેક શેરના અંતમાં 'તે બેસે અહીં' શબ્દો એકસરખી રીતે વપરાયા છે. આ શબ્દો 'રદીફ' તરીકે ઓળખાય છે. આ શબ્દોની આગળ 'લૂછ્યું હોય', 'દુખ્યું હોય', 'ઝૂક્યું હોય', 'પૂછ્યું હોય', 'ઊઠ્યું હોય' પ્રાસસભર રીતે ગોઠવાયા છે. આ શબ્દો ગઝલમાં 'કાફિયા' તરીકે ઓળખાય છે તે ધ્યાનમાં લો. વળી 'તે બેસે અહીં'ના પાંચ અક્ષરના રદીફમાં કવિએ કેટકેટલા અર્થો ભરી દીધા છે, અર્થની શક્યતાઓ ચીંધી છે તે પણ વિચારો.

''જે ક્ષણે પોતાને પૂછ્યું હોયની બીજી ક્ષણે,
આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં.''

પાત્રતા હોય તે બેસે અહીં-એ ભાવના દૃઢીકરણ પછી કવિ અંતિમ શેરમાં ભાવપલટો કરાવે છે. કવિ કહે છે પોતાને પૂછ્યા બાદ જે ઊઠી ગયું હોય (!) તે બેસે અહીં ! આ વિરોધાભાસને સમજો અને માણો.

કોઈ વાર સર્જક બે ભિન્ન ભિન્ન સ્થિતિ કે મનોભાવને અડખેપડખે મૂકીને કેવું કામ લેતા હોય છે તે આ ગઝલને આધારે સમજો.

## શિક્ષકની ભૂમિકા

- શિક્ષક વિદ્યાર્થિઓને રદીફ અને કાફિયા આપીને તેને આધારે શેર બનાવવાનું કહેવું.
- સુકૃત (સારાં કર્મો) કર્યાં હોય તે દરેક સ્થળે ઉત્તમ સ્થાન પામે છે. તે માટે પરોપકારી, સહૃદયી, નમ્ર, દાની, સ્વદર્શની, વિવેકી અને સજ્જન બનવું જરૂરી છે. પોતાની જાતને સભાપાત્ર બનાવવા માટે, ગૌરવભર્યા સ્થાને બેસવાના હકદાર બનાવવા માટે ઉપર્યુક્ત ગુણો વ્યક્તિમાં વિકસે તે અનિવાર્ય છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી
- 'પથ્થર થરથર ધ્રૂજે' જેવા કાવ્યનો સંદર્ભ આપી પ્રસ્તુત કાવ્યના ભાવ સાથે તુલના કરવી.

•

# વ્યાકરણ / એકમ 5 વિરામચિહ્નો, વાર્તાલેખન

## છંદ

'છંદ' એટલે શું ? સાર્થ જોડણીકોશમાં આપેલ અર્થ છે : 'અક્ષર કે માત્રાના મેળ નિયમથી બનેલી કવિતા, વૃત્ત (2) લત, વ્યસન...' તમને થશે કે લત અને છંદને શો સંબંધ. પણ સંસ્કૃત અર્થ જુઓ તો થોડું સ્પષ્ટ થશે. સંસ્કૃતમાં કહેવાયું છે કે ''અર્થાત્ જે છંદે છે, જે રોચક છે, જે ખુશી આપે છે તે છંદ છે. જે બાબત વારંવાર કરવી ગમે તેમ તે 'આદત' પણ બની શકે છે. તેથી જ 'છંદ'નો અન્ય એક અર્થ 'લત' કે 'વ્યસન' પણ થાય છે. અન્ય એક મત અનુસાર છંદનો લાક્ષણિક અર્થ 'આવર્તન' થાય છે. અર્થાત જેની ટેવ હોય તે વસ્તુ વારંવાર જોઈએ, તે જ રીતે છંદમાં પણ કશાકનું આવર્તન છે. માત્રાનું આવર્તન હોય છે. લઘુ-ગુરુની માત્રાના આવર્તન દ્વારા જુદી જુદી લયભાત ઉપસાવવામાં આવે, તે લયભાત એટલે છંદ. આ જ લયભાત કૃતિને વધુ રોચક બનાવે છે.

એટલે કે કવિતામાં અક્ષર કે માત્રાની એવી મેળવણી કરવામાં આવે કે જે સાંભળતાહ આનંદ મળે, તેને 'છંદ' કહી શકાય. છંદના વૈદિક છંદ, અક્ષરમેળ છંદ, માત્રામેળ છંદ અને સંખ્યામેળ છંદ - એવા મુખ્ય વર્ગો કરવામાં આવે છે.ગુજરાતીમાં વૈદિક છંદ અને સંખ્યામેળ છંદને વૈદિક છંદમાં જ સમાવી લેવામાં આવ્યા છે. તેથી આપણે છંદના મુખ્ય બે પ્રકારનો અભ્યાસ કરીશું : અક્ષરમેળ છંદ અને માત્રામેળ છંદ.

**અક્ષરમેળ (રૂપમેળ) છંદ :**

જે પંકિતના અક્ષર તથા ગણ નિશ્ચિત હોય તેને અક્ષરમેળ છંદ કહેવાય. (આ પ્રકારના છંદમાં માત્રા નિશ્ચિત નથી હોતી. તેથી માત્રા તપાસવાની નથી હોતી.) ઈન્દ્રવજ્રા, વસંતતિલકા, મંદાક્રાન્તા, શિખરિણી, સ્રગ્ધરા આદિ અક્ષરમેળ છંદ છે.

વૈદિક છંદઃ વેદકાળના છંદમાં એક પાદમાં - એક ચરણમાં અમુક સંખ્યાના અક્ષર આવવા જોઈએ એટલું જ માપ જોવાતું. જેમકે, ગાયત્રી છંદના (વસુ એટલે) આઠ અક્ષર, ગાયત્રી છંદમાં ચોથું ચરણ ઉમેરાતાં જે નવો છંદ બન્યો તે અનુષ્ટુપ.

સંખ્યામેળ છંદઃ જે પંક્તિમાં માત્ર અક્ષરસંખ્યા નિશ્ચિત હોય (ગણ કે માત્રા નહીં) તેને સંખ્યામેળ છંદ કહેવાય. મનહર (16+15=31 અક્ષર), ઘનાક્ષરી (32 અક્ષર) આદિ સંખ્યામેળ છંદ છે.

માત્રામેળ છંદઃ જે પંક્તિની માત્રા નિશ્ચિત હોય તેને માત્રામેળ છંદ કહેવાય. (આ પ્રકારના છંદમાં અક્ષરસંખ્યા નિશ્ચિત નથી હોતી. તેથી અક્ષરસંખ્યા તપાસવાની રહેતી નથી.) ચોપાઈ, દોહરો સવૈયા, હરિગીત વગેરે માત્રામેળ છંદ છે. જેમાં ચોપાઈ જેવા સમવૃત્ત તથા દોહરા જેવા અર્ધસમવૃત્તનો સમાવેશ થાય છે.

અક્ષરમેળ અને માત્રામેળ છંદના બંધારણને સમજવા માટે લઘુગુરુ માત્રાનો ઉપયોગ થાય છે. આ લઘુ-ગુરુના માપના નિયમો નીચે મુજબ જોઈ શકાય :

**નિયમ 1 :** અક્ષરનો સ્વર હ્રસ્વ હોય તો લઘુ ગણાય અને દીર્ઘ હોય તો ગુરુ ગણાય.

**નિયમ 2 :** જોડાક્ષરના ઉચ્ચારનો ભાર જો જોડાક્ષરની આગળના અક્ષર પર આવતો હોય તો આગળનો અક્ષર લઘુ હોય કે ગુરુ - 'ગુરુ' જ ગણાય છે. જેમકે, 'તૃષા' શબ્દમાં 'તુ' તેના 'ઋ-' સ્વરને કારણે લઘુ સ્વર છે. પરંતુ 'તૃપ્તિમાં' 'તૃ'નો ઉચ્ચાર થોડો બદલાઈ જાય છે, તે દીર્ઘ ઉચ્ચારાય છે. કારણ કે જોડાક્ષર 'પ્તિ' ઉચ્ચારતાં પહેલાં તેનો ભાર 'તૃ'ના ઉચ્ચાર સાથે ભળે છે. તેથી 'ઋ-' હ્રસ્વ સ્વર હોવા છતાં દીર્ઘ ઉચ્ચારાય છે.

**નિયમ 3 :** 'અં' એટલે કે અનુસ્વાર સાથેનો કોઈ પણ સ્વર દીર્ઘ હોય છે. એટલે કે અ, ઇ, ઉ આદિ હ્રસ્વ સ્વર છે, પરંતુ 'અંગ, ઈંદુ, 'ઉંમર' આદિ શબ્દોમાં અનુસ્વાર હોવાથી અહીં આ સ્વરો ગુરુ છે.

**નિયમ 4 :** અક્ષરમેળ છંદમાં છેલ્લો અક્ષર હંમેશાં ગુરુ ગણાય છે. એટલે કે છેલ્લો અક્ષર હ્રસ્વ સ્વર ધરાવતો હોય કે દીર્ઘ સ્વર હોય, અક્ષરમેળ છંદમાં તેને 'ગુરુ' જ ગણાય છે. જો કે માત્રામેળ છંદમાં છેલ્લો અક્ષર નિયમિત રૂપે જ - હ્રસ્વ સ્વર હોય તો 1 માત્રા અને દીર્ઘ સ્વર હોય તો 2 માત્રા ગણાય છે, તેનું ધ્યાન રાખવું.

**નોંધ :** અહીં એક બાબત ધ્યાનમાં રાખવાની છે. જોડણીના હ્રસ્વત્વ-દીર્ઘત્વને આધારે અક્ષરના લઘુ-ગુરુ નક્કી નથી

કરાતા, ઉચ્ચારણના આધારે નક્કી થાય છે. કવિ દલપતરામ નોંધે છે કે 'લઘુ ગુરુ લખીને નવ ગણો, ઉચ્ચારે ઓળખાય.'

યતિઃ પંક્તિને લયમાં ગાતાં અથવા તેનું લયાત્મક પઠન કરતાં વચ્ચે જ્યાં અટકસ્થાન અનુભવાય છે, તેને યતિ કહેવાય છે.

છંદશાસ્ત્ર અનુસાર સાહિત્યમાં અનેક છંદ દ્વારા જુદા જુદા લય વ્યક્ત કરવામાં આવે છે. અહીં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને અનુષ્ટુપ, મંદાક્રાન્તા, શિખરિણી, ચોપાઈ, દોહરો તથા મનહર છંદના બંધારણ સોદાહરણ જોઈશું.

દરેક છંદ સાથે કવીશ્વર દલપતરામે આપેલું 'સૂત્ર' જોઈશું આ એક મઝાની ચાવી છે, કવિએ જે-તે છંદના માપમાં જ પંક્તિરૂપે છંદનું બંધારણ આપ્યું છે. એટલે કે એક સૂત્ર તમે યાદ રાખો તો બંધારણ પણ યાદ રહે અને ઉદાહરણ પણ યાદ રહે.

**અક્ષરમેળ છંદ :**

અક્ષરમેળ છંદના પ્રકાર ઓળખવાની પ્રસિદ્ધ અને લગભગ સર્વમાન્ય નીવડેલી પદ્ધતિ તે ગણપદ્ધતિ છે. આ પદ્ધતિ અનુસાર દરેક પંક્તિના અક્ષરોને 3-3 અક્ષરોના ગણમાં વહેંચવામાં આવે છે. ગણ એટલે સમૂહ, જથ્થો. છંદમાં 'ગણ' એટલે ત્રણ અક્ષરનો સમૂહ, ત્યારબાદ જે-તે અક્ષરના સ્વર અનુસાર તેના લઘુ-ગુરુ કરવામાં આવે છે. જેમકે,'વિનોદ' શબ્દ છે. 3 અક્ષર છે, એટલે 1 ગણ છે. 'વિ'માં 'ઈ' હ્રસ્વ સ્વરની માત્રા છે, તેથી તે લઘુ કહેવાય. 'નો'માં 'ઓ' એટલે કે દીર્ઘ સ્વરની માત્રા છે તેથી તે ગુરુ કહેવાય અને 'દ'માં 'અ' હ્રસ્વ સ્વરની માત્રા છે, તેથી તે લઘુ કહેવાય. અર્થાત 'વિનોદ' શબ્દની ગણભાત 'લઘુ-ગુરુ-લઘુ' છે. ગણમાં 3 અક્ષરની લઘુ-ગુરુની ભાત નીચે મુજબ હોઈ શકે છે. આ આઠ ભાતને આધારે આઠ ગણ કરવામાં આવ્યા છે :

| | |
|---|---|
| લઘુ લઘુ લઘુ (ન ગણ) | લઘુ લઘુ ગુરુ (સ ગણ) |
| લઘુ ગુરુ ગુરુ (ય ગણ) | લઘુ ગુરુ લઘુ (જ ગણ) |
| ગુરુ લઘુ લઘુ (ભ ગણ) | ગુરુ લઘુ ગુરુ (ર ગણ) |

પરંતુ દરેક પંક્તિ 3, 6, 9, 12 કે 15 અક્ષરની - ત્રણના ગુણાંકમાં આવતા આંકડાની જ બનેલી હોય તે જરૂરી નથી. 14 અક્ષરની પંક્તિ હોય તો તેમાં 3 ગણ + 2 અક્ષર હોય. તો ? એ અક્ષર લઘુ હોય તો 'લ' અથવા ગુરુ હોય તો 'ગા' નોંધવામાં આવે છે.

| | |
|---|---|
| લઘુ અક્ષર (લ) | ગુરુ અક્ષર (ગા) |

પણ, આ ગણભાતની જરૂર શી છે ? આપણે પહેલાં જ જોયું કે માત્રાનાં વિવિધ આવર્તનોને કારણે લય જન્મે છે, જેના કારણે સાહિત્ય રોચક બને છે. આવર્તનોની ચોક્કસ લયભાત ઓળખી શકાય તો છંદ ઓળખી શકાય. તમને ખબર છે કે -

(1) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા ! - અને

(2) હા ! પસ્તાવો, વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે

આ બંને પંક્તિ ગવાય તો તેના રાગ જુદા હોય ! કારણ શું ? એ જ, બંને પંક્તિના છંદ જુદા છે. છંદ જુદા છે એટલે કે તેમની માત્રાના આવર્તનો, તેમની ગણભાત - ગણોનું બંધારણ જુદું છે. ઉપર જોયેલી પહેલી પંક્તિનું બંધારણ લઘુ-ગુરુ-ગુરુ, ગુરુ-ગુરુ-ગુરુ, લઘુ-લઘુ-લઘુ, લઘુ-લઘુ-ગુરુ, ગુરુ-લઘુ-લઘુ, લ-ગા - છે. તમને થશે કે આવું લઘુ - ગુરુ કેવી રીતે યાદ રહે, કેવી રીતે સમજાય ? સાચી વાત છે. આ આવર્તનમાત્રાને યાદ રખવા માટે દરેક ભાતના ગણને નામ અપાયું છે. જેમકે, લઘુ-ગુરુ-ગુરુ - 'ય' ગણ. ગુરુ-ગુરુ-ગુરુ - 'મ' ગણ. આવી આઠ ભાત એટલે આઠ ગણ. આ આઠ ગણ, તેમની ભાત અને તેમના નામ નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| ય ગણઃ | લઘુ ગુરુ ગુરુ | યમાતા | લગાગા |
| મ ગણઃ | ગુરુ ગુરુ ગુરુ | માતાજી | ગાગાગા |
| ત ગણઃ | ગુરુ ગુરુ લઘુ | તારાજ | ગાગાલ |

| | | | |
|---|---|---|---|
| ર ગણઃ | ગુરુ લઘુ ગુરુ | રામજી | ગાલગા |
| જ ગણઃ | લઘુ ગુરુ લઘુ | જભાન | લગાલ |
| ભ ગણઃ | ગુરુ લઘુ લઘુ | ભારત | ગાલલ |
| ન ગણઃ | લઘુ લઘુ લઘુ | નમન | લલલ |
| સ ગણઃ | લઘુ લઘુ ગુરુ | સલગા | લલગા |

આ આઠ ગણભાતને યાદ રાખવા માટે એક સૂત્ર છે : 'યમાતારાજભાનસ-લગા'

હવે, છંદ ઓળખવા માટે આ સૂત્ર મદદરૂપ કેવી રીતે થાય, તે જોઈએ. આપણે ઉપરની પંક્તિ ફરીથી જોઈએ :

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા !

આ પંક્તિને 3 ગણમાં વહેંચીએ ?

**અસત્યો / માંહેથી / પ્રભુ પ / રમ સ /ત્યે તું લ/ ઈ જા !**

શબ્દો તૂટે છે, વાંધો નહીં, આપણે ગણ જોવાના છે. અહીં 5 ગણ થયા પણ બે અક્ષર વધ્યા. તો શું કરીશું ? કોઈ પણ પંક્તિ 3ના ગુણાંકમાં જ અક્ષરો હોય એવું જરૂરી તો નથી. જો 12 કે 15 અક્ષર હોય તો 4 કે 5 ગણ થાય. પણ 17 કે 19 અક્ષર હોય તો બે કે એક અક્ષર વધે. બરાબર ? આ પરિસ્થિતિમાં આ વધેલા અક્ષરને જ જો તે હ્રસ્વ એટલે કે લઘુ હોય તો 'લ' અને દીર્ઘ હોય તો ગુરુ એટલે કે 'ગા' ગણવાનો. ઉદાહરણમાં જોઈશું એટલે વધુ સ્પષ્ટ થશે.

હવે આ ગણના લઘુ-ગુરુ જોઈએ ? પહેલો ગણ છે - 'અસત્યો'. અહીં 'અ' હ્રસ્વ એટલે 'લઘુ', 'સ' - (ધ્યાન રાખજો, સ્વર હ્રસ્વ છે પણ પછી જોડાક્ષર છે. આગળ જઈને અક્ષરમેળ છંદનો નિયમ 2 જુઓ. જોડાક્ષરનો ભાર આગલા અક્ષર પર આવતો હોય તો હ્રસ્વ પણ દીર્ઘ ગણાય. અર્થાત્ ગુરુ માત્રા ગણાય, બરાબર ?) તો, 'સ'ની 'ગુરુ' માત્રા અને 'ત્યો' - 'અ' સ્વર - 'ગુરુ' માત્રા. અર્થાત્, 'અસત્યો' - 'લઘુ-ગુરુ-ગુરુ'ની ગણભાત એટલે 'ય' ગણ. સમજાયું ?

હવે, દર વખતે આ લઘુ-ગુરુ, લઘુ-ગુરુ લખવાના ? ના. આના માટે નિશાની વપરાય છે. લઘુ માટે 'U', ગુરુ માટે '–', એટલે કે 'અસત્યો' આ રીતે લખાશે : U – – બરાબર ? તો હવે આખી પંક્તિના ગણ જોઈએ ?

**અસત્યો / માંહેથી / પ્રભુ પ / રમ સ / ત્યે તું લ / ઈ જા !**

હવે આ ગણભાતને ઓળખો :

| | | |
|---|---|---|
| અસત્યો | લઘુ-ગુરુ-ગુરુ | ય ગણ |
| માંહેથી | ગુરુ-ગુરુ-ગુરુ | મ ગણ |
| પ્રભુપ | લઘુ-લઘુ-લઘુ | ન ગણ |
| રમસ | લઘુ-લઘુ-ગુરુ | સ ગણ |
| ત્યેતુંલ | ગુરુ-ગુરુ-લઘુ | ભ ગણ |
| ઈજા | લઘુ-ગુરુ | લ-ગા |

તો આ પંક્તિનું બંધારણ છે, યમનસભલગા. બરાબર. અને આ પંક્તિ ગાતી વખતે તમે ક્યાંય વચ્ચે સહેજ રોકાયા હોય એમ લાગ્યું હતું ? ક્યાં ? 'માંહેથી'ના 'થી' પાસે અને 'પરમ સત્યે' ના 'સ' પાસે. બરાબર ? આ અટકવાને 'યતિ' કહેવાય. એટલે કે અહીં તમે 6 અને 12 અક્ષર પાસે સહેજ રોકાયા હતા, તે આ છંદના યતિ છે. અરે, તમને તો આખો છંદ મળી ગયો... શું શું જોયું ? કુલ અક્ષર 17, બંધારણ - યમનસભલગા, યતિ 6 12 અક્ષર - આ બધું હોય તો ક્યો છંદ કહેવાય ? શિખરિણી. છે ને છંદ ઓળખવા સહેલા... ભલે, શિખરિણી છંદને સૈદ્ધાંતિક રીતે ફરીથી જોઈએ.

**શિખરિણી :**

અક્ષરઃ 17

બંધારણઃ યમનસભલગા

લગાત્મક રૂપઃ લગાગાગાગાગા લલલલલગાગા લલલગા

સૂત્રઃ ધસે કેવો વેગે, યમનસભલાગે શિખરિણી

યતિઃ 6, 12

દૃષ્ટાંતઃ ઉગાડે છે વિશ્વે કમલવન કેવાં નિતનવાં

| | | | | | |
|---|---|---|---|---|---|
| ય | મ | ન | સ | ભ | લગા |
| લગાગા | ગાગાગાલલલ | લલગા | ગાલલ | લગા | |

ઉગાડે / છેવિશ્વે / કમલ / વનકે / વાંનિત / નવાં

અન્ય ઉદાહરણ આપ્યાં છે. તમે તેમાં બંધારણ શોધી જુઓ.

(1) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં

(2) લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી

(3) વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

(4) ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે, સૌમ્ય વયનાં,

(5) સ્હવારોને જોતાં વિકસિત થતાં શૈલશિખરે

સમજાય છે ને ! તો બીજો છંદ જોઈએ :

**મંદાક્રાન્તા :**

અક્ષરઃ 17

બંધારણઃ મભનતતગાગા

લગાત્મક રૂપઃ ગાગાગાગા લલલલલગા ગાલગા ગાલગાગા

સૂત્રઃ મન્દાક્રાન્તા, મભનતતગા, ગા-ગણોથી ગવાયે

યતિઃ 4,10

દૃષ્ટાંતઃ હા પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મ | ભ | ન | ત | ત | ગાગા |
| ગાગાગા | ગાલલ | લલલ | ગાગાલ | ગાગાલ | ગાગા |
| હાપસ્તા/ | વોવિપુ/ | લઝર/ | ણુંસ્વર્ગ/ | થીઊત/ | ર્યુંછે |

સમજાયું ? તો દૃઢીકરણ માટે, નીચે આપેલી પંક્તિમાં આ બંધારણ બેસે છે કે નહીં, તે તપાસો.

(1) રોમે રોમે વિરહભયની વેદનાથી વળે છે,

(2) છૂટી છૂટી સહન ન થતાં, મત્ત પાછાં મળે છે.

(3) આઘે ઊભાં તટધૂમસ જેમાં દ્રુમો નીંદ સેવે,

વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે.

(4) ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા

(5) ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા !

ધ્યાન રાખીને કરજો, જેમકે 'વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં' માં 'ચ્ચે' નો ભાર 'વ' પર આવતાં તે ગુરુ થશે. તે જ રીતે 'પ્ને'નો ભાર 'સ્વ' પર આવતાં ત્યાં 'અ' સ્વર હોવા છતાં ગુરુ થશે. 'મ' નો 'ઋ' તો લઘુ છે, તે યાદ છે ને ! જો એક પણ લઘુ ગુરુ આડા-અવળા થશે તો ગણ બદલાઈ જશે, અને છંદનું યોગ્ય બંધારણ નહીં મળે, તો છંદ ઓળખી નહીં શકાય.

**અનુષ્ટુપ :**

અનુષ્ટુપ છંદના ચાર ચરણ છે. દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે. (તેથી એક પંક્તિ 16 અક્ષરની હોય છે અને બે પંક્તિ હોય તો 32 અક્ષર થાય. છંદને ઓળખતી વખતે આવી નાની નાની વિગતો ધ્યાનમાં રાખશો તો ઉપયોગી રહેશે.) તેમાં ચારેય ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ હોય છે. પરંતુ પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ હોય છે તથા બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય છે.

સૂત્રઃ પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો,

બીજે ચોથે પદે બોલો શ્લોકમાં લઘુ સાતમો.

ઉદાહરણ દ્વારા આ છંદ સમજીએ :

નહીં નાથ, નહીં નાથ, ન જાણો કે સ્હવાર છે.

આ બધું ઘોર અંધારું, હજી તો બહુ વાર છે.

તમે આ પંક્તિઓમાં 4 ચરણ જોઈ શક્યાં ? દરેકના 8 અક્ષર છે ?

(1) નહીં નાથ, **નહીં નાથ**, (2) ન જાણો કે **સ્હવાર છે.**

(3) આ બધું **ઘોર અંધારું** (4) હજી તો **બહુ વાર છે.**

આ ચાર ચરણના અક્ષર 5-6-7 અને તેમની માત્રા જોઈએ.

(1) નહીંના - લઘુ, ગુરુ, ગુરુ. (2) સ્હવાર - લઘુ, ગુરુ, લઘુ

(3) રઅંધા - લઘુ, ગુરુ, ગુરુ (4) હુવાર - લઘુ, ગુરુ, લઘુ.

હવે નિયમ - સૂત્ર યાદ કરો. ચારેય ચરણના 5મો અક્ષર લઘુ અને 6ઠ્ઠો અક્ષર ગુરુ છે ? પહેલા અને ત્રીજા ચરણમાં 7મો અક્ષર ગુરુ અને બીજા અને ચોથા ચરણમાં 7મો અક્ષર લઘુ છે ? જો હા, તો આ અનુષ્ટુપ છંદ છે.

બીજાં ઉદાહરણ જોઈએ ?

(1) છાયા તે વડના જેવી, ભાવ તો નદના સમા

દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.

(2) પતિએ પીઠ દીધી ને, દયિતા દેખતી રહી,

અંતે હાય ! કહી બાળા, મૂર્છિતા ભૂતલે પડી.

(3) વૃદ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી;

અહો ! કેવું સુખી જોડું, કર્તાએ નિરમ્યું દીસે !

(4)	રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;

નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.

તમારા પાઠ્યપુસ્તકમાં 'શિકારીને' કાવ્ય છે. તેની પંક્તિના બંધારણને તપાસો તો ! હવે અનુષ્ટુપ છંદ એકદમ સ્પષ્ટ થઈ ગયો ?

મનહર

અક્ષરઃ	16 15 (બે પંક્તિમાં)

બંધારણઃ	-

લગાત્મક રૂપઃ	-

સૂત્રઃ

યતિઃ	8, 16, 24

દૃષ્ટાંતઃ	પોલું છે તે વાગ્યું તેમાં કરી તેં શી કારીગરી ?

સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.

આપણે પહેલાં વાત થઈ હતી કે મનહર એ મૂળભૂત રીતે સંખ્યામેળ છંદ છે. અહીં તમે જોઈ શકો છો કે આ છંદને ઓળખવા માટે અન્ય અક્ષરમેળ છંદની જેમ બંધારણ જોવાની જરૂર નથી કે નથી લઘુ - ગુરુ દર્શાવતું 'ગાગાલગા' પ્રકારનું લગાત્મક રૂપ જોવાની. આ છંદમાં તમારે માત્ર અક્ષર જ ગણવાના છે. બે પંક્તિઓમાં 16 + 15 એ રીતે કુલ 31 અક્ષર થવા જોઈએ. તે યોગ્ય લયમાં બોલાય તે માટે 8, 16 અને 24 મા અક્ષરે અવરોહ - વિરામ આવશે. બસ. આટલી વિગતો તમે યોગ્ય રીતે જોઈ શકો તો તે મનહર છંદ છે. અન્ય ઉદાહરણ જોતાં આ છંદ વધુ સ્પષ્ટ થશે.

(1) એક દિવસ મહેતાજીએ છોકરાંને પ્રશ્ન કર્યો,

ઈતિહાસ વિશે પ્રશ્ન સૌથી ક્યો મોટો છે ?

(2) ભીંડો ભાદરવા તણો, વડને કહેઃ ''સુણ વીર,

સમાઉ નહિ હું સર્વથા, તું જા સરવરતીર''

(3) માન મળ્યું મોટું પણ, નહિ અભિમાન ઉર,

જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો;

(4) આદિત્યનો અસ્ત થતાં, થાય છે અંધારુ ધબ

ફરબસ વિના એવી દુનિયા દેખાય છે.;

(5) સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ,

અન્યનું તો એક વાંકું, આપના અઢાર છે.

આ છંદને માણવો હોય તો દલપતરામનાં શરણાઈવાળો, ભાદરવાનો ભીંડો વગેરે જેવાં કાવ્યો વાંચો, મઝા આવશે.

**માત્રામેળ છંદ :**

હવે માત્રામેળ છંદ વિશે જોઈએ. અક્ષરમેળ છંદમાં જેમ હ્રસ્વ સ્વરની લઘુમાત્રા અને દીર્ઘ સ્વરની ગુરુમાત્રા જોઈ હતી, અહીં પણ એ માત્રા જ જોવાની છે. પણ જોવાની રીતમાં ફેર પડશે. અક્ષરમેળમાં લઘુમાત્રા - લ અને ગુરુમાત્રા ગા દ્વારા જોવાય છે અને તેને આધારે ગણ, બંધારણ આદિ જોઈને છંદ નિશ્ચિત થાય છે. અહીં માત્રાને આંકડામાં જોવાની છે. લઘુ માત્રા એટલે

1. અને ગુરુ માત્રા એટલે 2. ચરણ કે પંક્તિની માત્રાનો સરવાળો કરો તો તમને છંદ મળે. જેમકે, અક્ષરમેળ છંદમાં જોયું હતું તેમ 'વિનોદ' એટલે લઘુ-ગુરુ-લઘુ. માત્રા એટલે જ ગણ. અહીં 'વિનોદ' એટલે 1 + 2 + 1 = 4 માત્રા. બસ, આટલું જ. પંક્તિમાં જોઈએ તો વધારે ખ્યાલ આવશે.

કાળી ધોળી રાતી ગાય

આવી એક પંક્તિ છે. તેની કેટલી માત્રા થાય ? ચાલો, ગણીએ -

2 2 2 2 2 2 2 21 + 15 માત્રા

કાળી ધોળી રાતી ગાય, સમજાયું ? આટલું જ કરવાનું અને તમને 15 માત્રા મળે, એટલે શોધવાનું કે 15 માત્રા ધરાવતો કયો છંદ છે ? તમને ખબર છે ? આ છંદ છે ચોપાઈ.

ચોપાઈ

| | |
|---|---|
| લગાત્મક રૂપઃ | દાદા દાદા દાદા ગાલ |
| સંધિઃ | ચતુષ્કુલ |
| માત્રાઃ | 15 |
| યતિઃ | - |
| તાળઃ | 4 |

દલપતરામની પંક્તિઓ આ સૂની સૂની રાતમાં, કોઈ ઢોલક હજી બજાવે.

2 2 2 2 2 2 1 2

આ સૂની સૂની રાતમાં

2 1 211 1 2 1 22

કોઈ ઢોલક હજી બજાવે.

ચોપાઈમાં એક ચરણની 15 માત્રા હોય છે. એટલે, સળંગ પંક્તિમાં બે ચરણ હોય. એટલે પંક્તિની કુલ 30 માત્રા થઈ શકે. પણ ત્યાં યાદ રાખવું કે અહીં બે ચરણ છે. નીચેનાં ઉદાહરણ જોતાં બે પંક્તિ એટલે કે ચાર ચરણ પણ જોઈ શકાશે.

(1) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

(2) શિયાળે શીતળ વા વાય, પાન ખરે, ઘઉં પેદા થાય.

(3) કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.
ચાર પગો ને આંચળ ચાર, પૂંછડાથી ઉડાડે વાય

(4) આકાશે તારાની ભાત, ધરતી હૈયે ફુલબિછાત
સર્જી, તો કાં સર્જી તાત ! માનવના મનમાં મધરાત

(5) દરિયાથી ડુંગર પર જાય, કેડી ત્યાં નાનકડી થાય;
તરુવરો ત્યાં ઢોળે છાંય, ને ઠંડો વાયુ લ્હેરાય.

ઉપરની પંક્તિઓની માત્રા ગણી જુઓ. ચોપાઈ છંદ હવે સમજાઈ ગયો હશે. આ છંદ ધરાવતાં બીજાં મઝાનાં કાવ્યો શોધો અને ગાવ.

દોહરો

લગાત્મક રૂપઃ દાદા દાદા દાલદા' દાદા દાદા ગાલ

સંધિઃ ચતુષ્કલ

માત્રાઃ પહેલા અને ત્રીજા ચરણમાં 13 માત્રા અને બીજા અને ચોથા ચરણમાં 11 માત્રા

યતિઃ 13

તાળઃ 12

દલપતરામની પંક્તિઓઃ પહેલે ત્રીજે તેર કળ, અવર પદે અગિયાર

**ઉદાહરણ :**

ચાતક ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ;

ખર ઘૂવડ ને મૂર્ખ જન, સુખે સુવે નિજ વાસ.

આ છંદમાં ચાર ચરણ છે :

(1) ચાતક ચકવા ચતુર નર,

(2) પ્રતિદિન ફરે ઉદાસ;

(3) ખર ઘૂવડ ને મૂર્ખ જન,

(4) સુખે સુવે નિજ વાસ.

અહીં તમે પહેલા અને ત્રીજા ચરણની માત્રાનો સરવાળો કરો :

1 1 1 1 1 2 1 2 1 = 11 માત્રા    1 1 2 1 1 2 2 1 1 1 = 13 માત્રા

(1) ચાતક ચકવા ચતુર નર,    (3) ખર ઘૂવડ ને મૂર્ખ જન,

હવે તમે બીજા અને ચોથા ચરણની માત્રાનો સરવાળો કરો :

1 1 1 1 1 2 1 2 1 = 11 માત્રા    1 2 1 2 1 1 2 1 = 11 માત્રા

(2) પ્રતિદિન ફરે ઉદાસ;    (3) સુખે સુવે નિજ વાસ.

જ્યારે આ રીતે પહેલા અને ત્રીજા ચરણની 13 અને બીજા-ચોથા ચરણની 11 માત્રા થાય ત્યારે તે દોહરો છંદ હોય. અન્ય ઉદાહરણ નીચે આપ્યાં છે. તમે તેની માત્રા તપાસો. કસોટીમાં તમને બે પંક્તિના બદલે એક પંક્તિ પૂછાઈ શકે. તો તમારે પહેલા અને બીજા ચરણની માત્રા જોવી. અહીં ઉદાહરણમાં પણ બે અને એક પંક્તિ સમાવેલ છે.

(1) કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય.

વણતૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.

(2) દીપકના બે દીકરા, કાજળને અજવાશ,

એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ

(3) કરે ગગનના ગોખમાં, ચાંદલિયો ચમકાર.

(4) તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર,

ત્યહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર.